Chapter-9

· મોજીલા મણિલાલ ·

યમ-વિષ્ણુની કપોલકલ્પના ને રમતિયાળ ભાષા

ગુજરાતી મધ્યમવર્ગીય જીવનની ગતિવિધિને આલેખતા દ્વિઅંકી નાટક 'મોજીલા મણિલાલ' (૧૯૯૨) માં નાટ્યકાર ભૂપેન ખખ્ખરે મધ્યમ વર્ગના રોજિંદા કર્મકાણ્ડને આલેખતાં આલેખતાં સ્ત્રી-પુરુષની જાતીય જીવન-વિષયક સમસ્યા નિરૂપવાનો પ્રયાસ કર્યો છે અને તે માટે સ્વયં ભાષાનો નાટ્યપ્રયુક્તિ તરીકે વિનિયોગ કર્યો છે. શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ મધ્યમવર્ગની સ્ત્રી કશીક મોજની, મુક્તિની અપેક્ષા રાખતી હોય છે અને જ્યારે પોતાની અપેક્ષા પૂર્ણ કરનાર પાત્ર મળી આવે ત્યારે પતિપરસ્તી જેવા પોકળ ખ્યાલોનો છેદ ઉરાડી તે એવા પાત્ર તરફ ઢળી જાય છે.[૧] નાટકના આ મર્મને ઉપસાવવામાં નાટ્યકાર દ્વારા પ્રયોજાયેલી ટીખળ, મજાક, ઉપહાસ અને વિડમ્બનના પલટાતા જતા લહેકાઓથી સભર રમતિયાળ ભાષાશૈલી કેટલે અંશે કારગત નિવડી છે તે તપાસનો વિષય બને છે. વળી યમ અને વિષ્ણુની કપોલકલ્પિત પ્રયુક્તિ વડે નાટ્યકાર પોતાના કટાક્ષને ધારદાર બનાવી શક્યા છે કે નહીં એ પણ અભ્યાસનો વિષય બને છે.

મુંબઈની ચાલીમાં વસતા, મધ્યમવર્ગીય સવિતા અને રણછોડ તથા શર્મિષ્ઠા અને નવનીતના દાંપત્યજીવનમાં પ્રવેશતા છેલબટાઉ મોજીલા મણિલાલથી સર્જાતી પરિસ્થિતિ આલેખવા નાટ્યકારે પ્રથમ અંકને નાના મોટા ૧૧ દૃશ્યોમાં વિભાજિત કર્યો છે.

પ્રભુપરસ્ત, સરળ, ભોળા, કર્મકાણ્ડી એવા રણછોડ દ્વારા 'જનકલ્યાણ' જેવા માસિકમાંથી થતા પઠનના સ્વરથી નાટક આરંભાય છે. આ પ્રથમ દૃશ્યમાં રણછોડનો, પઠનનો - રટણનો આભાસ ઊભો કરતો કેવળ અવાજ જ સંભળાય છે. સતયુગમાં સોળ હજાર ગોપી જોડે પ્રેમ

સવિતા : વર્ષો પહેલાં જેની સાથે બે ઘડી વાતો કરી, ચોરી-છુપીથી ચુંબનો કર્યાં એ કંઈ પ્રેમ ઓછો કહેવાય?

રણછોડભાઈ ભોળાભટાક છે, બેડોળ પણ ખાનદાન છે. દારૂ કે પરસ્ત્રીને હાથ લગાડતા નથી. એવો પતિ પામ્યા છતાં પરપુરુષ સાથે સંબંધ બાંધી શા માટે કુટુંબનું નામ બોળે છે એવી શર્મિષ્ઠા દલીલ કરે છે ત્યારે સવિતા ઘટસ્ફોટ કરતાં કહે છે.

સવિતા : પ્રેમ કરવામાં કંઈ કુટુંબનું નામ બોળાય? નાનપણથી જ મને પુરુષો તરફ પ્રેમ. નવમાં ધોરણમાં ત્રણ છોકરા સાથે હું પ્રેમ કરતી.. મારે તો દરેક વર્ગમાં ઓછામાં ઓછા બે પ્રેમી રહેતા.

એમ તો લગ્ન પૂર્વે શર્મિષ્ઠાને પણ કોઈની સાથે 'પ્લેટોનિક લવ' થયેલો. પણ તેના મતે તો લગ્ન પછી બધું બદલાઈ જાય છે. લગ્ન પછી સ્ત્રી પતિવ્રતા રૂપમાં આવી જાય છે. તેનો પતિ આખો દિવસ પોતાના કામમાં રચ્યોપચ્યો રહે છે. ઘર ખાવા ધાય છે. શર્મિષ્ઠા પોતાની એ વેદના ભૂલવા સીવણના કલાસ ભરે છે. "મારી ભેડે સીવણના કલાસ ભરવા કેમ ન આવી" એવું શર્મિષ્ઠા પૂછે છે ત્યારે સવિતા પોતાના સ્વભાવને અનુરૂપ એવો લાક્ષણિક જવાબ આપે છે.

સવિતા : શારડીની જેમ હૃદય વીંધાઈ રહ્યું છે.. તું જ્યારે રેશમી દોરાથી બટનના ગાજ સીવતી હતી, ઝીગઝેગ મશીનથી એમ્બ્રોઈડરી કરતી હતી ત્યારે હું એક અજનબી ભેડે પ્રણયના પાઠ ભણતી હતી.

એ અજનબી તે બીજો કોઈ નહીં પણ છેલબટાઉ મોજીલો મણિલાલ. સવિતાએ જગદીપને અધવચ્ચે છોડી દીધો એ શર્મિષ્ઠાને રુચતું નથી. તેને મન તો પ્રેમ કરીએ તો જિંદગીભર નિભાવવો જોઈએ. એમ તો એ પણ જગદીપ પરત્વે છૂપું આકર્ષણ અનુભવતી. જગદીપનો ફોન આવતો ત્યારે તે એને બોલાવતી. ફોન થઈ જાય પછી થોડીવાર તે બેસતો ને આખો વખત સવિતાની જ વાત કરતો. આ સાંભળી સવિતા કટાક્ષ કરતાં કહે છે,

સવિતા: તારે તો (જગદીપના મોંએ) તારી વાતો સાંભળવી હતી, નહીં!

ઉપર છલ્લી રીતે પતિપરાયણ શર્મિષ્ઠા મધ્યમ વર્ગની સ્ત્રીની જેમ તેનો ઉત્તર આપતાં કહે છે,

શર્મિષ્ઠા: મારે કંઈ તારી જેમ એક ભવમાં બે ભવ નથી કરવા.

મણિલાલ સાથેની પોતાની પ્રથમ મુલાકાતનું સ્મરણ વાગોળતાં સવિતા કહે છે,

સવિતા: હું અને તારા ભાઈ પરેલ હૉસ્પિટલમાં (જેઠના) બાબાની ખબર કાઢવા ગયેલા. ત્યાં ઓરડામાં મણિલાલ દાખલ થયો. બસ મને જ જોયા કરે. હું પણ એને જોતી રહી ગઈ. આંખ ધરાય નહીં કે થાકે નહીં. અને એકાએક સાક્ષાત્ તેજવર્તુળ પેરમાં સમાઈ ગયું... દરરોજ દોઢ-બે વાગે બાબાની ખબર કાઢવા હૉસ્પિટલે જતી. પાછાં આવતાં મણિલાલ ટેક્સીમાં

સવિતા: મૂકી જાય, ટેક્સીમાં! મારી આંગળીઓમાં આંગળીઓ ભેરવીને બેસે. કશું બોલે જ નહીં.. મારું હૃદય ધડધડ થાય. પગ પૃથ્વીથી અદ્ધર ઉડે.. પછી મણિલાલ ઘર આવે. મણિલાલ ચાહ પીએ. મણિલાલ પ્રેમ કરે. મણિલાલ, મારો મણિલાલ!

પોતાની સખી આગળ પોતાના પતિનું નામ લેતાં પણ શરમાતી હોવાનો ડોળ કરતી, પતિના નામની જગ્યાએ 'તારા ભાઇ' એવા મધ્યમવર્ગને સહજ રૂઢ શબ્દો પ્રયોજતી સવિતા, મણિલાલ સાથેના પ્રથમ મિલને જન્માવેલી અનુભૂતિ બોલચાલની ભાષામાં નહીં પણ કાવ્યમય બાનીમાં પ્રગટ કરે છે. મણિલાલ પરત્વેનું આકર્ષણ પણ કવિતામય ભાષામાં વર્ણવે છે.

સવિતા: કોઈ એને એક વાર જુએ, વાત કરે, તો શરીરમાં અતૃપ્ત ઝંખના જાગે. ઘુઘવતા દરિયા જેવું એનું વ્યક્તિત્વ, વાંસળીના સૂર જેવો કંઠ, આનંદસમાધિ જેવું હાસ્ય, કાળી ટોપી કાઢી ખીંટીએ લટકાવે ત્યારે કાળા-સફેદ વાળ પર હાથ ફેરવવાનું ને બ્રાહ્મી તેલની સુગંધ લેવાનું સુખ તો અપ્સરાઓને પણ દુર્લભ.

" એ કેવો દેખાય છે?" એવા શર્મિષ્ઠાએ ઉત્સુકતાથી પૂછેલા પ્રશ્નનો જવાબ પણ તે કવિતા નીતરતી ભાષામાં આપે છે.

સવિતા: વરસાદમાં ભીંજેલી હરિયાળી, હોળીમાં ખેલાતા ફાગ, ખેતરમાં લહેરાતા પાક, ચક્કર ચક્કર ફરતા ટેબલફૅન અને સરયુ નદીને કાંઠે ઊભેલા એકદંડિયા મહેલ જેવો.

સવિતાને ઢળતી ઉંમરે ચાલીસીમાં આ આકર્ષણ થયું છે. શર્મિષ્ઠા એને ટોણો મારતાં કહે છે.

શર્મિષ્ઠા: ઠાંઠી થઈને પ્રેમમાં પડી! હવે કૂવો ને હવાડો કરવાનું જ બાકી છે!

પણ સવિતા તો મણિલાલ પ્રત્યે પૂરેપૂરી ખેંચાઈ ચૂકી છે. શર્મિષ્ઠાના ટોણાનો પ્રતિભાવ પણ એ કાવ્યમય ભાષામાં આપે છે.

સવિતા: હે વાયુમંડળ, દેવોના અધિષ્ઠાતા, સમજાવો આ નાદાન પતિવ્રતાને. એની આંખો ખોલી દેખાડો એને કે પરપુરુષ-પ્રેમ શું છે! સમજાવો એને પરપુરુષ પ્રત્યેની પરવશતા! ભૂલેશ્વરની ગલીઓ જેનું વિશ્વ છે, પતિ જેનો પરમેશ્વર છે એ ઘેલસપ્પીનો ઉદ્ધાર કરો, ઉદ્ધાર કરો!

ત્યાં ધોતિયું, હાફકોટ, કાળી ટોપી, કાળા બૂટ અને લાલ મોજાં ધારણ કરેલ મણિલાલ ચંપાતા પગલે આવી બંને હાથે સવિતાની આંખ દાબે છે. શર્મિષ્ઠા ફાટી આંખે જોયા કરે છે. "ઓહ! તું આવી ગયો?" સવિતાના મુખમાંથી ઉદ્ગાર સરી પડે છે. મણિલાલ અને સવિતા તેમની આગવી શૈલીમાં એકમેકની સન્મુખ થાય છે. આ જોઈ શર્મિષ્ઠા માથું નીચું કરી બહાર નીકળી જાય છે.

શર્મિષ્ઠાના ગયા પછી મણિલાલ તરન્નુમમાં, "વ્યાકુળ હતો હું તને મળવા સનમ / ગુજારી રાત તારી યાદમાં" એ ગોખેલી શાયરી લલકારે છે અને સવિતા પોતાની વિરહવેદના કાવ્યમય બાનીમાં પ્રગટ કરતાં બોલી ઊઠે છે,

સવિતા: એવી કઇ શક્તિએ તને બાંધી જકડીને મારાથી દૂર રાખ્યો? જો આ મણિબંધોના મણિ મારા આંસુઓથી ઝાંખાં થઇ ગયાં. રાત એના પર માથું ટેકવી મેં તારી યાદમાં આંસુ સાર્યાં.

ચાલીમાં રહેતા મધ્યમવર્ગીય સ્ત્રી-પુરુષના મુખેથી નીસરતી આવી કાવ્ય નીતરતી વાણી વિડમ્બના અને ઉપહાસ રચે છે.

મણિલાલ પોતાની આગવી શૈલીમાં, સફેદ એમ્બેસડરમાં કાશ્મીર જવાનો પ્રસ્તાવ મૂકે છે ને ગજવામાંથી મોગરાની વેણી કાઢે છે ત્યાં શર્મિષ્ઠા ઊંબરે આવી ઊભી રહે છે. " આ વાડકી ને ચમચી ગઇ કાલે મારે ત્યાં રહી ગઇ'તી તે આપવા આવી " એમ કહી વાડકી અને ચમચી મૂકવા તે ચોકડી તરફ જાય છે. વાસ્તવમાં શર્મિષ્ઠા સ્ત્રીસહજ કુતૂહલથી સવિતા અને મણિલાલનો પ્રેમાલાપ જોવા આવી હતી. 'મારે બહુ કામ છે' એમ કહી શર્મિષ્ઠા બહાર નીકળી જાય છે. સવિતા બારણું વાસે છે. મણિલાલ પાસે આવે છે અને સવિતાના અંબોડામાં મોગરાની વેણી વિધિસર પહેરાવે છે. એ પછી મણિલાલ અને સવિતા વચ્ચે કાવ્યમય બાનીમાં પ્રેમાલાપ ચાલે છે.

મણિલાલ: આ શ્વેત મોગરા જેવું નિષ્કામ, નિષ્કલંક, નિષ્પાપ જીવન જીવવાનો તને સંદેશ આપું છું.

સવિતા: મણિલાલ, મારા મણિલાલ, અકથ્ય વેદના શરીરને બાળી રહી છે.

મણિલાલ: તારા કાળા કેશકલાપની સુવાસ માટે મારું અતૃપ્ત હૃદય ઝંખે છે. મારા અણુએ અણુમાં તું વ્યાપી ગઇ છે.

સવિતા: તો ફરી એક વાર કર ને!

મણિલાલ: શું?

સવિતા: અંગ્રેજીમાં તારો વાણી વિલાસ!

મણિલાલ: વૈખરીએ તને વાગ્દાન આપ્યું છે!

સવિતા: શિખવાડયું તેં. કર ને!

મણિલાલ: શું?

સવિતા: પ્રેમ! અંગ્રેજીમાં પ્રેમ! ફરી એક વાર! - કરને!

મણિલાલ: એનું એ જ?

સવિતા: હા એ જ. એ જ. ફરી એક વાર આ પ્રેમાલાપ સાંભળી પૃથ્વીને સ્થિર થઇ જવા દે, છલકવા દે પ્રેમનું અછાંદસ ગીત જેની લીટીએ લીટીએ રેલાય છે તારા પ્રેમની મધુર પ્યાલીઓ, તારા સ્પર્શમાં આપ મને આલિંગનનો મર્મ, તારા શબ્દોથી કરી દે મને ભાવવિભોર. ફરી એક વાર એ જ પ્રેમની સમાધિમાં ડૂબાડી દે મને. ફરી એક વાર, ફરી એક વાર...

મણિલાલ અને સવિતા વચ્ચે આવો કાવ્યમય પ્રેમાલાપ ચાલતો હોય છે ત્યાં શર્મિષ્ઠા ટપકી પડે છે, પહેલીવાર અવરગંડી સાડી માંગવાના બહાને અને બીજીવાર સવિતા માટે ફોન આવ્યો હોવાનું જણાવવાના બહાને. સવિતા ફોન લેવા જતી વખતે, મણિલાલને ચા બનાવી આપવાની સૂચના આપતી જય છે. ત્યારે શર્મિષ્ઠા " એકલી? મારી સાડીય કેવી મેલી છે" એમ કહી 'નારીસહજ પુરુષસભાનતા' પ્રગટ કરે છે. સવિતાના બહાર નીકળી ગયા પછી મણિલાલ "સવિતા કેવી સમજુ સંસ્કારી આર્ય નારી છે" એમ કહી ઉપહાસ કરે છે અને શર્મિષ્ઠાની નજીક સરકવાનો પ્રયાસ કરે છે. શર્મિષ્ઠા પહેલાં તો, " તારા ડાચામાં જેવા જેવું શું છે? ...હું પતિવ્રતા નારી છું અને નવનીતલાલ..મારા ધણી... એકાંતમાં પરપુરુષ

જોડે બેસવું નહીં.. બૈરાંનો ભગવાન એનો વર.. મારે લફરામાં પડવું જ નથી..." એવી સૂફિયાણી વાતો કરી પતિપરસ્તીનો દેખાવ કરે છે પણ જેવો મણિલાલ ગજવામાંથી ગુલાબની વેણી કાઢી તેને પહેરાવવા જાય છે કે તરત " દાળ બગડે, દિવસ બગડે / અથાણું બગડે, વર્ષ બગડે / બૈરું બગડે, ભવ બગડે" એવું ગોખતી ગોખતી, પોતાને સ્પર્શ ન કરવાની તાકીદ કરતી તે વેણી પહેરવા લાલાયિત થઈ ઊઠે છે. 'સ્પર્શ...' 'બાહુપાશમાં આલિંગન..' એવા શબ્દોને ઉપર ઉપરથી ધુત્કારતી શર્મિષ્ઠા, મોજીલા મણિલાલની ફરમાઈશથી ભોંય પર બેસી, આંખો મીંચી બેસૂરા કંઠે " હે ઈશ્વર ભજીએ તને / મોટું છે તુજ નામ / ગુણ તારા નિત ગાઈએ / થાય અમારાં કામ / હેત લાવી હસાવ તું / સદા રાખ દિલ સાફ.../ભૂલ કદી કરીએ અમે/ તો પ્રભુ કરજે માફ..." એ ભજન, અંતરની આરત વિના લલકારે છે. ત્યાં સવિતા પ્રવેશે છે. મધ્યમવર્ગીય નારીની પોકળ પતિપરાયણતાનો ઉપહાસ કરતાં મણિલાલ પોતાનો સંવાદ દોહરાવતાં કહે છે. "શર્મિષ્ઠા કેટલી સમજુ સંસ્કારી આર્ય નારી છે." અગાઉ આ જ શબ્દો સવિતાના સંદર્ભમાં ઉચ્ચારનાર મણિલાલ હવે શર્મિષ્ઠાના સંદર્ભમાં ઉચ્ચારે છે! સવિતા પણ જાણે એમાં સૂર પૂરાવતી હોય તેમ કહે છે, " શર્મિષ્ઠાના રોમરોમમાં નારી ધર્મ ટકાવવાની અને અકલંકિત જીવન જીવવાની હોંશ છે, નહીં શર્મિષ્ઠા!"

મણિલાલ કાચું પાકું અંગ્રેજી જાણે છે. સવિતાને મન તો એ અંગ્રેજીમાં જ પ્રેમ કરે છે અને આ કહેવાતો અંગ્રેજી પ્રેમ એનું વળગણ છે. એટલે શર્મિષ્ઠાના ગયા પછી સવિતા " માણવો છે તારો અંગ્રેજી પ્રેમ" એમ કહી અંગ્રેજી પ્રેમ માણવાનો પ્રસ્તાવ મૂકે છે. " આ રહ્યો એ અંગ્રેજી પ્રેમ જેને તું અહર્નિશ ઝંખે છે" એમ કહી મણિલાલ, અંગ્રેજી કવિતા

ખોટા ઉચ્ચારો સાથે બેસૂરા કંઠે ગાય છે. " I had a little pony/ Whose name was Dapple Gray...." અને બન્ને પોતપોતાની આવડત પ્રમાણે બૉલડાન્સ કરવાનો પ્રયત્ન કરે છે. આમ પ્રેમાચાર વખતે મણિલાલ કેવળ નર્સરી રાઈમ્સ ગાય છે પણ સવિતા તો સાચા અર્થમાં પ્રેમાંધ છે. મણિલાલના મુખે ગવાતી નર્સરી રાઈમ્સ સાંભળી એ કહે છે,

સવિતા : દશે દિશામાં ફંગોળાઈ ગયેલા શબ્દો, ખખડધજ થયેલી ગૂર્જર પ્રશ્રમાં અમૃતસંજીવની લાવ્યા. ભસ્મીભૂત થયેલો પ્રેમ, કચડાઈ ગયેલી લાગણીઓ, નિષ્પ્રાણ શરીર અને મંદ થયેલી ઊર્મિઓમાં ફરી પ્રાણ આવ્યા. આ શબ્દોથી પૃથ્વી નિઃશબ્દ થઈ ગઈ અને તેમાંથી ફૂટેલો પ્રેમનો ઝંઝાવાત આ અંગ્રેજી શબ્દોનો જાદુ છે. દરેક ધડકતા હૈયાને, દરેક નિઃશ્વાસોથી ચગદાઈ ગયેલા મનને કેવી શાંતિ મળી ગઈ. અને હું.. રોમેરોમમાં પ્રકટ થયેલ આ પ્રેમાગ્નિની જ્વાળામાં સ્નાન કરી રહી છું. મારા અણુએ અણુમાં વ્યાપેલો અગ્નિશિખા જેવો પ્રેમ શરીરને બાળે છે, અંતરને ઠારે છે. એમને આવું કેમ આવડતું નથી?

શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ સવિતાના આ સંવાદમાં દેશીનાટક સમાજ શૈલીનાં લક્ષણો રહેલાં છે જે નાટ્યકારને તેમણે જે વિડમ્બના રચવી છે, ઉપહાસ કરવો છે તેને ઉપસાવવામાં વિશેષ ઉપકારક થઈ પડયાં છે.[૨]

kalpana's

વાસ્તવમાં તો 'અંગ્રેજી પ્રેમ'ની પાછળ શારીરિક સંબંધના સંકેતો રહેલા છે. સવિતાના મુખેથી સરી પડતી કાવ્યમય વાણી તેની શારીરિક તૃપ્તિનું સૂચન કરે છે. એટલે જ જ્યારે મણિલાલ પૂછે છે," તું એમને (રણછોડને) શિખવાડતી કેમ નથી?" ત્યારે સવિતા પોતાની અતૃપ્તિનો અણસાર આપતાં કહે છે," એમને સ્ત્રીઓમાં રસ જ નથી."

અચાનક પ્રકાશના ઉપરાઉપરી ઝબકાર થાય છે. સવિતા પ્રફુલ્લિત થઈ ગીત ગણગણે છે, આભમાં ઝીણી ઝીણી ઝબૂકે વીજળી... મણિલાલ અને સવિતા એકમેકને બાહુપાશમાં લે છે. ફરી પ્રકાશના ઉપરાઉપરી ઝબકાર થાય છે. પ્રેમાતુર જોડું એકબીજાના કાનમાં ગણગણે છે,

સવિતા : વીજળીનો ગડગડાટ નથી સંભળાતો?
મણિલાલ: પ્રકાશને પાંખો આવી.
સવિતા: બધે અજવાળું પથરાઈ ગયું.
મણિલાલ: ક્ષણ માટે અંધારું ઓગળી ગયું.

ફરી પ્રકાશના ઉપરાઉપરી ઝબકાર થાય છે. કોઈક તેમના ફોટા પાડી રહ્યું હોવાનો સવિતાને વહેમ જાય છે. એટલે તે બારીના પડદા ઊંચા કરે છે. જુએ છે તો જગદીપ. મણિલાલ પ્રત્યે આકર્ષાતાં પહેલાં સવિતા, એ જ માળામાં રહેતા જગદીપ નામના એનાથી વયમાં નાના યુવાન પ્રત્યે ખેંચાયેલી. હાથમાં ફ્લેશગનવાળો કેમેરા લઈને ઊભેલો જગદીપ હિન્દી ફિલ્મોના વિલનની અદાથી બોલે છે," મુઝે તુમકો બ્લેકમેઈલ કરના હૈ". ફોટા પાડીને રણછોડભાઈ આગળ સવિતાના ભવાડા ખુલ્લા કરવાના ઈરાદાથી જગદીપ ફ્લેશગનવાળા કેમેરાથી ઉપરાઉપરી બન્નેના ત્રણ-ચાર ફોટા પાડે છે. જગદીપને ફોટા પાડતો જોઈ સવિતા આવેશમાં આવી," જળોની જેમ

મને ચોંટી પડો. ભીની સાડીની જેમ મને વીંટળાઈ વળો." એમ કહી મણિલાલને આહ્વાન આપે છે અને મણિલાલ માથે ટોપી ગોઠવી ફોટા માટેની મુદ્રા ધારણ કરતાં સ્વસ્થપણે કહે છે,

મણિલાલ: સામેના માળા સાથેની મેચમાં ચાર કૅચ છોડેલા એ આ જ ભાઈને?...

જગદીપ તેમનો ફોટો પાડતાં ઉત્તેજિત થઇ બોલી ઊઠે છે,

જગદીપ: હા હું જ જગદીપ, જેને ક્રિકેટ રમતાં આ (સવિતા) ખેંચી લાવતી... પ્રેમના પાઠ ભણાવવા.. એણે તો મારી જિંદગીમાં હોળી સળગાવી. આ બધા ફોટાની એક એક કોપી રણછોડભાઈને આપીશ.

સવિતા અને મણિલાલ ઉપર આ ધમકીની કોઈ અસર જ ના થઈ હોય તેમ તેઓ સ્વસ્થતાપૂર્વક કહે છે,

સવિતા: મને (ફોટા) નહીં આપે?

મણિલાલ: જગદીપભાઈ, મને પણ બ-બે કોપી આપજે. હું ખર્ચ આપી દઈશ.

સવિતા: તારે મને બ્લૅકમેઇલ કરવી'તી તો પહેલેથી કહેવું'તું ને! સારી સાડી તો પહેરત!

મણિલાલના ગયા પછી જગદીપ ફિલ્મી શૈલીમાં હિન્દી સંવાદો બોલતો (શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ હિન્દીમાં પ્રેમાલાપ કરતો)[3] સવિતાને કહે છે,

kalpana's

જગદીપ : સવિતા, મેરી જાન! વો શેતાન હૈ! ઉસે ભૂલ જા. સિર્ફ
મૈં તુમસે મુહબ્બત કરતા હું. મેરે પાસ આવ. આ,
મુઝે એક ચુમ્મા દે.

સવિતા જગદીપને ગુજરાતીમાં બોલવાનું કહે છે એટલે જગદીપ, પોતાના સળગતા હોઠ પર ચુંબન કરી શીતળતા આપવાનું, મુક્ત મને પોતાનો પણ સ્વીકાર કરવાનું સવિતાને આહ્‌વાન આપે છે અને બદલામાં કેમરાનો રોલ એની સામે જ બારી બહાર ફેંકી દેવાનું વચન આપે છે. સવિતાને તો એના અને મણિલાલના ફોટા મઢાવીને રાખવા છે એટલે તે એમ કરવાની ધરાર ના પાડે છે. જગદીપ હિંદી ફીલ્મોમાં આવતાં બળાત્કારના દૃશ્યો જેવું આયોજન કરે છે. બારણા બંધ કરી કૅસૅટ રેકોર્ડર મોટેથી ચલાવે છે અને ઘોંઘાટમાં સવિતા પર બળાત્કાર કરવા દોડાદોડી કરે છે. ટેપરેકોર્ડર પર 'બચપન કે દિન ભૂલા ન દેના' ગીત કર્કશ અવાજે વાગે છે. મણિલાલ પ્રત્યે આકર્ષાયેલી સવિતા તેનો પ્રતિકાર કરતાં બોલી ઊઠે છે,

સવિતા : મારા પર બળાત્કાર કરવા માગે છે? હરગિજ નહીં. હરગિજ નહીં.
આ શરીરની આકૃતિ આપી દઈશ પણ તને હાથ અડાડવા નહીં
દઉં... શું કરવું છે તારે? આ દેહ ચૂંથવો છે? હિમ જેવા ઠંડા
પડી ગયેલા મારા હોઠ પર ચુંબનો કરવાં છે?.. આઘો જા! હટ!
તારા એંઠા હાથનો સ્પર્શ પણ મને નહીં જોઈએ.

ત્યાં રણછોડલાલ પ્રવેશે છે. જગદીપને જોઈને પૂછે છે," કેમ જગદીપ ચા પીધી કે? " ને પછી લાક્ષણિક ઢબે કહે છે," ચા પીધા વિના જવાય જ નહીં. સવિતા! જગદીપ તો પ્રેમીજન છે. એને લુખ્ખો આછો

જવા દેવાય?" સવિતા, બળાત્કારની વાત સલૂકાઈથી છૂપાવતાં કહે છે," મણિલાલ માટે ચા બનાવેલી પણ જગદીપ આવ્યો ત્યારથી જ ઉતાવળમાં છે." ત્યારે રણછોડલાલ ફરી લાક્ષણિક ઢબે ટકોર કરતાં કહે છે,

રણછોડ: મણિલાલ તરફ તારો પ્રેમ છે ને જગદીપ તરફ કર્તવ્ય.

જગદીપ, 'મને મોડું થાય છે' એમ કહી જવા જાય છે ત્યારે સવિતા, જાણે કશું જ ન બન્યું હોય તેમ સાહજિકતાથી કહે છે," જગદીપ આ કેમેરા તો લઈ જા."

જગદીપ બહાર નીકળી જાય છે. રણછોડલાલ ખાટલા પર બેસી જનકલ્યાણ વાંચતાં વાંચતાં ભજન ગણગણે છે. સવિતા જગદીપને કેમેરા આપવા જાય છે. પાછી આવે છે, ને શાક સમારવાના દૈનિક ક્રિયાકાંડમાં પરોવાય છે. સવિતાને જોઈ મણિલાલ તરન્નુમમાં 'સનમ' વાળી શાયરી લલકારે છે તો રણછોડલાલ પત્નીની ઘરાર ઉપેક્ષા કરી, તરન્નુમમાં ભજન લલકારે છે," સુખદુઃખ મનમાં ન આણિયે ઘટ સાથે રે ઘડિયાં..." કેવો વિરોધાભાસ!

સવિતા રણછોડલાલને "કહું છું અહીંયા આવીને બેસો ને.." એમ કહી પાસે બોલાવે છે. રણછોડલાલ," દીનાનાથ પાસેથી કેમ બોલાવ્યો?" એમ કહી સવિતાની નજીક સરકે છે. મણિલાલ જોડે કાવ્ય નીતરતી વાણીમાં સંભાષણ કરતી સવિતા અહીં હૃદયથી જાણે સાવ અલિપ્ત હોય તેમ ટૂંકા ટૂંકા વાક્યોમાં - ક્યારેક તો એકાદ બે શબ્દોમાં - જ વાત પતાવે છે. સવિતાની ઉપર છલ્લી પતિપરાયણતાને ભીતર ડોકાતી

પરપુરુષ માટેની આસક્તિ અહીં નાટ્યકારે ભાષાની પ્રયુક્તિથી ઉપસાવી છે. મણિલાલને જોઈ ભાવવિભોર બની જતી સવિતાના મુખેથી કવિતાં જાણે આપોઆપ સરી પડે છે જ્યારે રણછોડલાલને જોઈ ઠંડીગાર થઇ જતી સવિતા જાણે મૂંગીમંતર બની જાય છે. રણછોડ પોતાના દાંપત્યજીવનના શરૂઆતના દિવસો વાગોળતા કહે છે,

રણછોડ: યાદ છે, હનીમૂનથી પાછાં આવી શરદપૂનમે દરિયે ગયેલાં?

ત્યારે સવિતા ઉત્સુક્તાથી બોલી ઊઠે છે,

સવિતા: રાતે અગાશી પર સૂતેલાં...

ને ત્યાં જ રણછોડ, સવિતાને જાણે આકાશમાંથી નીચે ભોંય પર પટકી દેતો હોય તેમ કહે છે,

રણછોડ: એ જ રાતે કૃષ્ણમુરારિ આપણા ખાટલા પર બેસી હસતો હતો.

આ સાંભળી સવિતા, પતિદેવોથી ઉપેક્ષા પામેલ સમસ્ત નારીજગતનો આક્રોશ ઠાલવતી હોય તેમ કહે છે,

સવિતા: એ નખ્ખોદિયો તમારા મનમાં પેઠો છે ત્યારથી આ ઘરનો દાટ વળી ગયો છે.. નરસૈંયો, મીરાં, તુકારામ બધાંનાં ઘર ભાંગ્યાં તોય એને જપ વળ્યો નહીં. હવે મારા ઘર પર નજર બગાડી.

રણછોડ, "હરિ હરિ, તારી ઇચ્છા ગરીયસી" કહી નિઃશ્વાસ નાંખે છે. ત્યાં અંધકાર થતાંની સાથે બીજું દૃશ્ય પૂરું થાય છે.

ધીમે ધીમે સવિતાની સખી શર્મિષ્ઠા પણ મણિલાલ પ્રત્યે આકર્ષાવા માંડે છે. ત્રીજા દૃશ્યની શરૂઆતમાં શર્મિષ્ઠા પોતાના ઘરમાં કોઇ ખાસ મહેમાનના આગમનની પ્રતીક્ષા કરતી હોય તેમ ઘર સાફ કરે છે. થોડી વારમાં મણિલાલ બારણે દેખાય છે. શર્મિષ્ઠાને જોઈ છેલબટાઉ મોજીલો મણિલાલ જાણે તકલાદી પ્રણયચેષ્ટા કરતો હોય તેમ કહે છે,

મણિલાલ: તમારું ઘર તો ચોખ્ખું ને સરસ છે... તમારી સાડી ટોપ છે.. શરીરના રંગ જોડે મેચીંગ થાય છે.

શર્મિષ્ઠા ચા મૂકવાનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે મણિલાલ હૃદયને ટાઢક થાય એવું દૂધ પીવડાવવાનો આગ્રહ રાખે છે. શર્મિષ્ઠા દૂધ લઈ આવે એ દરમ્યાન મણિલાલ ગજવામાંથી ગુલાબની વેણી કાઢે છે. 'એમને વેણી નથી ગમતી' એમ કહી શર્મિષ્ઠા પહેલાં તો પતિપરાયણ હોવાનો ડોળ કરે છે પણ પછી બીજી જ ક્ષણે 'એ ક્યારેય વેણી લાવતા જ નથી' એમ કહી બે પળ મણિલાલ સામે જોયા કરે છે ને નવોઢાની જેમ શરમાતી હળવેકથી કહે છે,

શર્મિષ્ઠા: સવિતા એમ કહેતી હતી કે તમને અંગ્રેજીમાં પ્રેમ કરતાં આવડે છે... અંગ્રેજીમાં પ્રેમ કરવો એટલે?

ત્યારે મણિલાલ નફ્ફટ થઈને કહે છે, "દેખાડું કે? અનુભવ વગર ખબર કેવી રીતે પડે?" શર્મિષ્ઠાને ખરેખર તો અંગ્રેજીમાં થતો

પ્રેમ માણવો છે પણ, "હું સતી સાવિત્રી છું... એ ભૂલી ગઈ? ... સવિતાને ખબર પડે તો?.. મારું માથું શરમથી ઝૂકી જશે..." એમ કહી ના પાડતી રહે છે અને મણિલાલ," ચાલ, આંગળીઓમાં આંગળી પરોવી નૃત્ય કરીએ..." એમ કહી નૃત્ય માટે પ્રેમનીતરતું આમંત્રણ આપે છે. બંને નૃત્ય કરે છે. અંધકાર સાથે ત્રીજું દૃશ્ય પૂરું થાય છે.

ત્રીજા દૃશ્યના અંતે શર્મિષ્ઠાને મણિલાલ સાથે નૃત્ય કરતી દર્શાવી અને ચોથા દૃશ્યના આરંભે ઘરકામમાં મશગૂલ બતાવી નાટ્યકાર વિરોધાભાસ સર્જે છે. ધણી નવનીતલાલ આવીને પૂછે છે, "શું કર્યું આખો દિવસ?" ત્યારે આખો દા'ડો ઘરકામમાંથી ઊંચી નહીં આવતી અને પ્રેમ માટે વલખાં મારતી શર્મિષ્ઠા બોલી ઊઠે છે,

શર્મિષ્ઠા: કરવાનું શું હોય? રોજનું એનું એ જ. ઘઉં દળાવવાના હતા, કપડાંને ઈસ્ત્રી કરવાની હતી. એ કર્યું સાંજે શું બનાવવું એટલે રાહ જોતી હતી.

શર્મિષ્ઠા, મણિલાલના આગમન સમયે પોતાના ધણીનો ફોટો સલૂકાઈથી કબાટમાં સંતાડી દે છે. નવનીત ફોટા વિશે પૂછે છે. શર્મિષ્ઠા ફોટો લેવા કબાટ તરફ જવા નીકળે છે ત્યારે નવનીત એના માથામાં ગુલાબની વેણી જોઈ તાડૂકી ઊઠે છે,

નવનીત: આ માથે શેનું જંગલ નાખ્યું છે? જો શર્મિષ્ઠા આપણને રોજ રોજ ગુલાબની વેણી લેવાનું પોસાય તેમ નથી.

પોતે વેણી ખરીદી નથી પણ મણિલાલે અપાવી છે એવો ઘટસ્ફોટ

કરતાં શર્મિષ્ઠા અગ્નિલાલનું નામ બે વાર ઉચ્ચારે છે ત્યારે નવનીત પ્રેમઘેલી શર્મિષ્ઠાને ટોણો મારતો હોય તેમ બોલે છે.

નવનીત: ગુલાબનું ફૂલ સૂંઘતી હોય એમ બોલે છે ને ?

તે પછી શર્મિષ્ઠા દ્વારા થતો પ્રતિકાર અને નવનીતનો વધતો જતો આક્રોશ નાટ્યકારે ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા વેધક રીતે ઉપસાવ્યાં છે.

શર્મિષ્ઠા: પૂછ્યું એટલે કહ્યું.
નવનીત: બોલવા બોલવામાં ફરક હોય.
શર્મિષ્ઠા: તમે તો વા સાથેય વઢો એવા છો.
નવનીત: આજથી આ ઘરમાં મને ગુલાબની વેણી નહીં જોઈએ.
શર્મિષ્ઠા: તમે ક્યારેય કશું કેમ નથી લાવતા?
નવનીત: શું? શું નથી લાવ્યો?
શર્મિષ્ઠા: શું લાવ્યા છો?
નવનીત: તારે જોઈએ છે શું?
શર્મિષ્ઠા: એ તો તમારે વિચારવાનું.
નવનીત: આપણાને કઈ વાતની ખોટ છે.
(અચાનક નવનીતની નજર શર્મિષ્ઠાની સાડી પર પડે.)
નવનીત: આજે કંઈ નવી સાડી ઘરમાં પહેરી છે ને!
શર્મિષ્ઠા: સારી લાગે છે ને!
નવનીત: એટલે નવી સાડી ઘરમાં પહેરવાની?
શર્મિષ્ઠા: જેમ તમને નવા બટાકાનું શાક ભાવે છે તેમ મને પણ ઘરમાં નવી સાડી પહેરવાની મજા પડે છે.
નવનીત: તને બધું નવું નવું જ ગમે છે ને તો ફેંકી દે! ફેંકી દે મને

નવનીત: આ ચાલીની બહાર! અથવા આપી દે વાસણવાળાને
જૂનાં ખમીસની જેમ! એટલે તને જંપ વળે!
શર્મિષ્ઠા: (બબડે) તમારે બદલે તો કોઈ બે સ્ટીલની ચમચીય ન આપે.
નવનીત: (ત્રાડ પાડે) શું બોલી?

નવનીતની ત્રાડ સાંભળી શર્મિષ્ઠા સડસડાટ બહાર નીકળી જાય છે. નવનીત જોતો રહી જાય છે ને ચોથું દૃશ્ય પૂરું થાય છે.

પાંચમા દૃશ્યમાં નાટ્યકારે રણછોડ અને નવનીત વચ્ચેના સંવાદો દ્વારા એક જ ઘટનાને ભિન્ન રીતે જોનારી બે અલગ અલગ દૃષ્ટિઓને કુશળતાપૂર્વક આલેખી છે. દૃશ્યની શરૂઆતમાં રણછોડ, જનકલ્યાણ મોટેથી વાંચે છે ને નાટકના આરંભે મૂકવામાં આવેલા વાક્યો દોહરાવે છે. નવનીત," શર્મિષ્ઠા ક્યાં ગઈ છે?" એવું પૂછતો પ્રવેશે છે. રણછોડ, લાક્ષણિક ઢબે જવાબ આપે છે," એને અને સવિતાને પાકશાસ્ત્રનો ચસકો ચડયો છે. બન્ને ચોપડી ખરીદવા ગયાં છે." વાસ્તવમાં તો બંને મણિલાલને ભાવતી વાનગીઓ બનાવવા પાકશાસ્ત્રની ચોપડીઓ ખરીદવા દોડી છે. નવનીત આ વાત પામી ગયો છે એટલે તે ધુંઆપુંઆ થઈ જાય છે. પણ પ્રભુપરાયણ એવો રણછોડ, "આપણું નસીબ ખૂલી ગયું.. રોજ નવી નવી વાનગી મળશે" એમ કહી સમગ્ર ઘટનાને જુદી જ દૃષ્ટિથી નિહાળે છે. શર્મિષ્ઠા રોજ રોજ ગુલાબના ગજરા પહેરે છે, સાંજે ગીત ગણગણે છે, સફેદ સાડી સાથે ગુલાબના ગજરાનું મેચીંગ થતું ભાળે છે - આ બધું નવનીત સહી શકતો નથી. જ્યારે રણછોડને સવિતા રોજ મોગરાની વેણી પહેરે કે સફેદ સાડી જોડે ગુલાબના ગજરાનું મેચીંગ કરે તેમાં કશું વાંધાજનક લાગતું નથી. સ્ત્રીહૃદયને પોતે ક્યારેય ઓળખી શક્યો નથી એવો રણછોડ એકરાર કરે છે ત્યારે નવનીત, "તને વહેવાર

ખબર નથી" એવો ટોણો મારે છે. રણછોડ એટલી જ વેધકતાથી પૂછે છે," તેં ખબર પાડીને શું મેળવ્યું?"

રણછોડની દૃષ્ટિએ નવનીત પતિ તરીકે પોતાનો અધિકાર જમાવતો હોય તેવું લાગે છે. સવિતા મણિલાલના ગળાડૂબ પ્રેમમાં છે એ વાત જાણવા છતાં રણછોડ આંખ આડા કાન કરી સંસારનું ગાડું ગબડાવે જાય છે. એ જોઈ નવનીત પૂછે છે," તારે આ બધું અટકાવવું નથી?" ત્યારે રણછોડ પોતાના સ્વભાવને અનરૂપ પ્રત્યુત્તર આપતાં કહે છે,

રણછોડ: હું તો અંતરનો પ્રેમી છું. ચામડાં ચૂંથવાનો મોહ તો ક્યારનો છૂટી ગયો છે... જો નવનીત આપણે જેને પ્રેમ કરીએ, એ બીજાને કરે તેમાં આનંદ મેળવવો જોઈએ... તારે શર્મિષ્ઠાના પ્રેમનો ઉત્સવ કરવો જોઈએ.

નવનીતને આ માન્ય નથી. તે તો મણિલાલને મારી મારીને મરચાં ભરવાં જોઈએ.. મણિલાલ સાલાને મુક્કા મારી મારીને માળામાં જ મારી નાખવો જોઈએ.. એનો તો ખીમો કરવો જોઈએ એવા મતનો છે. નવનીત, રણછોડ પણ જગદીપની જેમ ડરી ગયો હોવાનું, જગદીપની જેમ તે પણ સવિતા આગળ લાચાર હોવાનું જણાવી, જગદીપનો સાથ લઈ મણિલાલનો મુકાબલો કરવા માટેનો પેંતરો રચે છે, અને તે માટે તાત્ક્ષણ જગદીપને ત્યાં જવાનું આહ્‌વાન આપે છે. " મણિલાલ સાથે મારે કોઈ વિરોધ નથી... હું તારા કે મણિયાની કોઈની પાર્ટીમાં નથી" એવું બબડતો બબડતો રણછોડ નવનીતની સાથે જગદીપને ત્યાં જવા તૈયાર થાય છે ને એ સાથે પાંચમું દૃશ્ય પૂરું થાય છે.

છઠ્ઠા દૃશ્યના આરંભે, સવિતા તેને તરછોડી મણિલાલ તરફ આકર્ષાઈ એનાથી હતાશ થયેલો જગદીપ પોતાના ઘરમાં ગળે ફાંસીનું દોરડું ભેરવી સવિતાના સૂકાતા ફોટોગ્રાફ ચકાસતો નજરે પડે છે. ફિલ્મી અદાથી હિન્દી ભાષામાં પોતાનો બળાપો ઠાલવતાં કહે છે.

જગદીપ : ક્યું મેરે દિલ કો પથ્થરસે ટકરાયા? ક્યું મુઝે ક્યાસે ક્યા બનાયા? ક્યું ઐસા હુઆ? ક્યું વૈસા નહીં હુઆ? ક્યુંકિ મેરી મા નહીં હૈ? આજ મૈં ઈસ મોડ પર આ કર જિંદગી કા આપઘાત કરના ચાહતા હું. ક્યુંકિ મેરી મા નહીં હૈ! જિંદગીકી રાહેં એકાએક સુની હો ગઈ હૈ, ક્યોં? ક્યુંકિ મેરી મા નહીં હૈ! મા, મૈં આ રહા હું, મા, તેરે પાસ, મા! ... આ દગાબાજ સ્ત્રીએ મને રોળી ટોળી નાખ્યો છે. મારો ધ્વંસ કર્યો છે. કેટલો પ્રેમ કરેલો? કેવી એની વાળની લટો ઊંચી કરી હતી! આજે મા, તું નથી ને તારી યાદ આવે છે.

સવિતાએ તરછોડયો છે અને મા છે નહીં એટલે જગદીપ આપઘાત કરવા પ્રેરાયો છે. નવનીત અને રણછોડ આવી જગદીપના ઘરનું બારણું ખખડાવે છે. "કૌન હૈ? ચલે જાવ યહાંસે! આ સુંદર સ્ત્રીએ મને તરછોડયો. હું જગતને તરછોડીશ." એમ કહી જગદીપ બારણું ખોલતો નથી. નવનીત ફરી બારણું ખખડાવે છે. "મુઝે સિર્ફ મૌતકા ઈંતઝાર હૈ! યહ દરવાઝ કિસી ઓર કે લિયે નહીં ખુલેગા! ચલે જાવ.." એવો ફિલ્મી અંદાઝમાં ડાયલોગ ફટકારી જગદીપ દરવાજો ઘરાર ઉઘાડતો નથી એટલે નવનીત અવાજ બદલી પહેલાં "પોસ્ટમેન.. પોસ્ટમેન.." અને પછી "મની ઓર્ડર.. મની-ઓર્ડર" ની બૂમો પાડે છે, એટલે જગદીપ બારણું ખોલે છે. જગદીપ, "મારી મા કેમ મરી ગઈ... નકલી પ્રેમ સોનાની જેમ પૂજાય છે.. આ ફાની

દુનિયાથી કંટાળી ગયો છું" એવો લવારો કરે છે. રણછોડ, "થવાનું હતું તે થઇ ગયું. એમાં તારો કંઇ વાંક નથી" એમ કહી, સ્થિતપ્રજ્ઞ રહેવાનો પ્રયત્ન કરે છે જ્યારે નવનીત, "હિંમત રાખ હું બેઠો છું ને" એમ કહી જગદીપનો પક્ષ લઇ તેને સાંત્વના આપે છે. જે કારણસર જગદીપ સ્ત્રીની દુનિયાથી કંટાળી ગયો છે એ કારણોસર તે પણ સ્ત્રીની દુનિયાથી કંટાળી ગયો છે. જગદીપ આગળ પોતાની વેદના ઠાલવતાં નવનીત કહે છે,

નવનીત : ... મારી વાઇફ આજકાલ ગુલાબની વેણી પહેરે છે. બહાર જવાની સફેદ સાડી ઘરમાં પહેરે છે. ગીતો ગણગણે છે અને નવી નવી વાનગી બનાવવાનો ચસકો ચડયો છે.

જગદીપ, શર્મિષ્ઠાની આવી ઘેલછા પાછળનું કારણ સ્પષ્ટ કરતાં સૂચકપણે કહે છે,

જગદીપ : તમને અંગ્રેજીમાં પ્રેમ કરતાં નથી આવડતું ને ?

આ સાંભળી નવનીત 'ના' કહી મૂંગો બની જાય છે, જ્યારે રણછોડ "હું તો અંતરનો પ્રેમી છું" એમ કહી નિર્વિકાર રહે છે. પોતાને અંગ્રેજીમાં પ્રેમ કરતાં આવડતો નથી અને મા મરી ગઇ છે એટલે પોતાને આપઘાત કરવો છે એવું જગદીપ એલાન કરે છે ત્યારે રણછોડ, "ચામડીનો પ્રેમ નકલી છે.. થવાનું હતું એ થઇ ગયું. એમાં તારો વાંક નથી.. દોષ તો છે તારા ભાગ્યનો ..." એમ કહી સાવ અલિપ્ત રહે છે જ્યારે નવનીત "વેર લે જગદીપ! વેર લે! નખોરિયાં ભેરવીને સાલાની ખાલ ઊતરડી નાખ.. માર સાલાને હંટરે હંટરે!" એવી સલાહ આપી, "જેવું તને દુઃખ થયું, જેમ તારું હૃદય ભાંગ્યું, જેમ તારા પ્રેમના ધજાગરા ઉડયા એથી

હુઆરગણું એને થાઓ" એવી...
શાપવાણી ઉચ્ચારે છે અને મણિલાલના શરીરના કોથમીર જેવા ઝીણા ટૂકડા કરી હડકાયાં કૂતરાંને ખવડાવવાનો ઈરાદો જાહેર કરે છે.

"તમે મહાન છો અંકલ - ને તમારી સવિતાને હું બ્લેક મેઈલ કરવા માગતો હતો. એને ડરાવીને એનો પ્રેમ પાછો મેળવવાના કરતૂતો મેં કર્યા! તમને આ ફોટા બતાડવાની ધમકી એણે તદ્દન અવગણી નાખી" એમ કહી જગદીપ, રણછોડ આગળ પોતાની હતાશા વ્યક્ત કરે છે. રણછોડ ટેબલ પરથી ફોટાની થપ્પી લઈ, સામે ચાલીને સવિતા અને નવનીતના ફોટા જોવા માંડે છે. જગદીપ રણછોડના હાથમાં ફોટા જોઈ મૂંઝાય છે પણ સવિતા માટે એક જાતનો ત્યાગભાવ ઉપસાવનાર રણછોડ જાણે કશું ના બન્યું હોય તેમ નવનીતને એક ફોટો બતાડતાં કહે છે,

રણછોડ : જો, નવનીત જો! હું પહેલેથી નહોતો કહેતો સવિતાનો ફેસ કેવો ફોટોજનિક છે. એનું હાસ્ય જો કેવું ખીલી ઊઠ્યું છે!

નવનીત, સવિતા અને મણિલાલનો ફોટો જોઈ રણછોડને પૂછે છે, " તને કંઈ થતું જ નથી?.. અદેખાઈ? " ત્યારે રણછોડ, " કેમ! આનંદ તો થાય ને!" એમ કહી વાતને ઉડાવી દે છે. જગદીપ સવિતા સાથેના રોમાન્સના સંભારણાં વાગોળતો કહે છે,

જગદીપ : અહીં જ જિંદગીની પાનખરમાં મેં વસંત લાવી હતી. અહીં જ તમારી ગેરહાજરીમાં મેં સવિતા જોડે ફાગ ખેલ્યો'તો! એના સ્પર્શે હું બહેકી જતો. સ્લિપમાં ચાર કૅચ છોડી ટીમને મેં હરાવેલી.. અને હવે આ જ ઓરડી મરૂભૂમિ બની ગઈ છે.

ત્યારે પણ રણછોડ, તદ્દન નિર્વિકાર અને સ્થિતપ્રજ્ઞ રહી, "બાકી બધું તો કર્માનુસાર ચાલ્યા કરે પણ તેં કેચ છોડયો એ તારી ભૂલ.." એવો વસવસો પ્રગટ કરે છે. રણછોડ ઓફિસે જતો, ઘરે આવી જનકલ્યાણ વાંચતો ને પ્રાર્થના કરતો ત્યારે જગદીપ અહીં એની પત્ની સવિતા સાથે ફાગ ખેલતો એમાં જગદીપનો વાંક નહીં પણ ક્રિકેટના કેચ છોડયા એમાં જગદીપનો વાંક! સવિતા સાથે પ્રણયફાગ ખેલ્યો તે ગુન્હો નહીં પણ કેચ છોડયો તે ગુન્હો કેમકે તેને લીધે જ તેમના માળાવાળાઓએ સામેવાળા માળાવાળા આગળ નીચું જોવાનો વારો આવ્યો! રણછોડનો આવો ઉલ્ટો વ્યવહાર જોઈ નવનીત સમસમી ઊઠે છે અને "બસ થયું. હું વધારે સાંભળી શકતો નથી" એમ કહી તે જગદીપની ઓરડીમાંથી બહાર નીકળી જાય છે.

પ્રેમમાં હતાશ થઈ ગયેલા જગદીપને મન તો વસંત પાનખર બની ગઈ છે; જિંદગીનો સરવાળો શૂન્ય થઈ ગયો છે. જગદીપની આ દશા જોઈ રણછોડ જાણે પિતૃભાવે સાંત્વના આપતો હોય તેમ બોલી ઊઠે છે,

રણછોડ : જગદીપ આપણે જેને પ્રેમ કરીએ એ બીજાને પ્રેમ કરે એનો આનંદ જ જુદો છે... તેં શરીર સાથે માયા બાંધી. અતૃપ્ત વાસના ક્યારેય નિર્મળ પ્રેમનાં દર્શન નહીં કરાવે... સાચું કહું છું, સવિતા માટે જિંદગી વેડફી દેવી ઉચિત નથી. તું ફોટા સારા પાડે છે. ફોટોગ્રાફીનું કરને!

એ સાથે અંધકાર થાય છે ને છઠ્ઠું દૃશ્ય પૂરું થાય છે.

સાતમા દૃશ્યમાં નાટ્યકાર શર્મિષ્ઠાના ઘરમાં, મણિલાલને મનગમતી વાનગી ચખાડવા માટે શર્મિષ્ઠા અને સવિતાને પાકશાસ્ત્ર -ના પુસ્તકનો અભ્યાસ કરતાં દર્શાવે છે. પુસ્તકમાં, જેનું નામ પણ ન સાંભળ્યું હોય તેવા જાતજાતનાં શાક અને ફરસાણો લખવામાં આવ્યાં છે. પૌષ્ટિક અને અવનવી વેજિટેરિયન વાનગીઓ વર્ણવવામાં આવી છે. શર્મિષ્ઠા પૂછે છે, "વેજિટેરિયન એટલે શું?" ત્યારે મણિલાલના અંગ્રેજી પ્રેમથી ભીંજાતી સવિતા, સર્વજ્ઞની અદાથી જવાબ આપે છે, "પકવાનપોથી." શર્મિષ્ઠા લીલવાની પેટીસ બનાવવા ઈચ્છે છે પણ તે માટે જરૂરી કડાકૂટમાં પડવા નથી માંગતી એ જોઈ સવિતા, પ્રેમમાં બ્હાવરી બનેલી કોઈ ષોડશી કન્યાની જેમ બોલી ઊઠે છે, "પ્રેમ એટલે સર્વસ્વ સ્વાર્પણ." સવિતા ટામેટાની જલેબી બનાવવા પર પસંદગી ઉતારે છે ત્યારે વીસ જલેબી બનાવતા દસ કલાક સ્હેજે લાગે એમ કહી શર્મિષ્ઠા અણગમો દર્શાવે છે. એ જોઈ મણિલાલના પ્રેમમાં ઘેલી સવિતા કહે છે, "પ્રેમને સમયનો ભાર હોતો નથી." વાતવાતમાં શર્મિષ્ઠા પૂછે છે, "પછી જગદીપ તને મળવા આવેલો કે?" ત્યારે જગદીપને તરછોડી મણિલાલ તરફ ઢળેલી સવિતા કાવ્ય નીતરતી વાણીમાં પ્રત્યુત્તર આપતાં કહે છે,

સવિતા: મણિલાલના સ્પર્શે રોમેરોમમાં શુદ્ધ થયેલ દેહને
એંઠો કરવા એ આવેલો. મોટેથી રેડિયો ચલાવી,
બળાત્કારનાં બણગાં ફૂંકતો, ચુંબનોની ભિક્ષા માંગતો,
બાહુપાશમાં જકડાવવાની ઈચ્છા રાખતો એ જગદીપ
હૃદયના કમાડ ખખડાવવા આવેલો. એની આંગળીનો
પણ આ દેહને સ્પર્શ થયો હોત તો ભ્રષ્ટ થયેલ
શરીરને મણિલાલ સાથે કાશ્મીર સુધી કઈ રીતે લઈ જાત?

મૂળ વાત આ છે. કઈંક સારી સ્થિતિવાળા, મોજમજ પાછળ, કાર-ટેક્સી પાછળ ખર્ચ કરી શકનારા છેલબટાઉ મોજીલા મણિલાલે, સફેદ પરી જેવા એમ્બેસડરમાં બેસી કાશ્મીરની સહેલગાહે જવાનું સ્વપ્ન દેખાડ્યું છે. સાથે શરત પણ મૂકી છે." કાશ્મીર જવું હોય તો બધાંને માંડી કહી દેવું." કાશ્મીર જવાનું સ્વપ્ન સાકાર કરવા શર્મિષ્ઠા અને સવિતાએ પાર્ટીનું આયોજન કર્યું છે ને મણિલાલને જમવા બોલાવ્યો છે. એની આગતા સ્વાગતા માટે અવનવી વાનગીઓનું અધ્યયન થઈ રહ્યું છે. સવિતા તો કહે છે પણ ખરી..

સવિતા : કાશ્મીર જવાની મોકાણ થવાની એને માટે તો આટઆટલી તૈયારી કરી છે. ટામેટાંની જલેબી, ચીભડાંનું ગળ્યું શાક, કાંદાવાળી વાલની દાળ.

શર્મિષ્ઠાને તો છ મહિનાનો ખાટલો દેખાય છે. તેના ધણીને તો હાથ ઉગામવાની નવાઈ જ નથી એટલે જતાં એ સવિતાને કહે છે.

શર્મિષ્ઠા : કાશ્મીરની વાત થઇ જાય એટલે ગંગા નહાયા ને ગોમતી પાર

પોતે મણિલાલ સાથે કાશ્મીર જવાની છે એવું ચોખ્ખેચોખ્ખું પોતાના ધણીને કહી દેવાનું. મણિલાલની આ શરત છે. એ શરતનું પાલન કરવા જતાં શર્મિષ્ઠા અને સવિતાના શા હાલ થાય છે એ નાટ્યકાર પછીના દૃશ્યોમાં નિરૂપે છે.

આઠમા દૃશ્યમાં નવનીત... ચાલીના પેસેજમાં પસાર થવાનો પ્રયત્ન કરતો દેખાય છે. સવિતા તેનો રસ્તો રોકે છે. નવનીત થાકી ગયો છે.

ઘરે જઈ શર્મિષ્ઠાના હાથની ચા પીવા ઈચ્છે છે. ઉતાવળમાં છે. એટલે જેવી સવિતા વાત કરે છે કે આજે રાતે મારા ઘરે કે તરત, બંદૂકની અણીએ બોલાવતો હોય તેમ તાડૂકે છે, "શું છે તમારે ઘરે? જલ્દી પતાવો." સવિતા, રાતે પોતાના ઘરે શર્મિષ્ઠાને લઈ જમવા આવવાનું આમંત્રણ આપે છે. પહેલાં તો નવનીત હા પાડે છે એટલે સવિતા તેને પસાર થવા દે છે પણ પછી અચાનક કંઈક સૂઝી આવતાં તે પાછો ફરે છે ને પૂછે છે," એક મિનિટ, મણિયો આવવાનો છે?" સવિતા થોડી રકઝક પછી હા ભણે છે. અને શર્મિષ્ઠા રસોઈમાં મદદ કરવા ક્યારની પોતાના ઘરે હોવાનું જણાવે છે. આ સાંભળી નવનીત ચોખ્ખેચોખ્ખું કહી દે છે," હું જમવા નહીં આવું અને શર્મિષ્ઠાને પણ ઘેરે મોકલી દો. મારે ચા પીવી છે."

ત્યાં રણછોડલાલ ચાલીમાં પ્રવેશે છે. નવનીતને રણછોડ જેવા બનવું પાલવે તેમ નથી. મણિયો તો એને મન શેતાનનો પડછાયો છે જેને એ ગોળીએ ઉડાવી દેવા માંગે છે. સવિતા તો, "આપણે ઘરે જમવાનું નોતરું આપતી હતી તેમાં ગુસ્સે થઈ ગયા" એવું બોલીને અટકી જાય છે એટલે રણછોડ, નવનીતને જમવા ખેંચી લાવવાનું બીડું ઝડપી સવિતાને વિદાય કરે છે ને એ સાથે આઠમું દશ્ય પૂરું થાય છે.

નવમા દશ્યમાં રણછોડ અને નવનીત ચાલીમાથી શર્મિષ્ઠાના ઘરમાં પ્રવેશતાં નજરે પડે છે. રણછોડ, નવનીતને પાર્ટીમાં આવવા માટે સમજાવતાં કહે છે,

રણછોડ : તું નકામો ઉશ્કેરાઈ જાય છે.. જરા વિચાર તો કર. કાંદાવાળી વાલની દાળ, ચીભડાંનું ગળ્યું શાક, લીલવાની પેટીસ ને

ટામેટાની જલેબી મણિલાલ માટે ગુમાવાય ?

રણછોડે તો જગદીપનેય જમવા માટે બોલાવ્યો છે. નવનીતને ટામેટાંની જલેબીની આખી વાત જ વાહિયાત લાગે છે. "ડઝનબંધ વેણીઓ ગજવામાં રાખી ફરતા લુચ્ચા લફંગા મણિલાલ માટે ટામેટાંની જલેબી!" નવનીત તો એ સહન જ કરી શકતો નથી. એને તો મણિલાલ ભેડે ભાણું જ માંડવું નથી. એટલે રણછોડ તેને લલચાવતાં કહે છે,

રણછોડ : ગોળ ગોળ લાલઘુમ ને ઉપર ચળકતાં ચાસણીનાં ટીપાં.
નવનીત : શું ?
રણછોડ : જલેબીના ફોટાની વાત કરું છું.
નવનીત : એની સાઈઝ શું ?
રણછોડ : (આંગળાં પહોળાં કરી બતાવે) આવડી.

ટામેટાંની જલેબી મણિલાલ માટે બનાવવામાં આવી રહી છે એ વિચારથી નવનીત ખિન્નતા અનુભવે છે. જમતી વખતે મણિયો સાથે હશે તો એનું મગજ ઠેકાણે નહીં રહે એવું એને લાગે છે. રણછોડ તેને મણિલાલની ઉપેક્ષા કરી મૂંગા મૂંગા ખાઈ લેવાની સલાહ આપે છે. નવનીત તાડૂકે છે,

નવનીત : કંઈ ચોરી કરી છે તે મૂંગા મૂંગા ખાઈ લેવાનું ? તું તારે ઘરે જ. શર્મિષ્ઠાને મોકલી દે. મારે ચા પીવી છે. હું ઘરાર આવવાનો નથી. પરમદિવસે સવારે બેંકમાંથી પાછો ફરતો હતો. ત્યારે મણિયો ટેક્સીમાં કોઈ સ્ત્રી ભેડે બેઠો હતો. હું એને બરોબર ઓળખી ગયો. એનું ધ્યાન જ નહોતું. મળે ત્યારે તો એના મોઢા

પર સંભળાવી દઈશ, મણિયા, તું લુચ્ચો, લફંગો ને ધૂર્ત છે.

રણછોડની દૃષ્ટિએ એ નવનીતનો માત્ર અભિપ્રાય છે જે કોઈ પણ ક્ષણે બદલાઈ શકે, ઈશ્વર સિવાય જગતમાં કશું જ શાશ્વત નથી. અભિપ્રાય, પ્રેમ ને આસ્થા ત્રણે કાચિંડા જેવાં હોય છે. ત્રણેનો રંગ પળે પળે બદલાય. નવનીત જ્યારે "મણિયા માટેનો મારો અભિપ્રાય કદી ન બદલાય" એવું મક્કમપણે જણાવે છે ત્યારે રણછોડ પોતાનો દાખલો આપતાં કહે છે,

રણછોડ: લગ્ન પછી તો આ દેહને પણ સવિતાની લાલસા રહેતી. સવાર સાંજ એ જ દેખાય. ઑફિસથી ઘરે આવું ને એને જોઈ હૃદયમાં પ્રેમની ભરતી જાગે. પછી ધીરે ધીરે જગદીપ આવતો થયો. ઈર્ષાથી હું સળગતો. પતંગિયાંની પાંખના રંગની જેમ પ્રેમ ઊડી ગયો. ઈશ્વરમાં શ્રદ્ધા વધી. હવે તો જગદીપ તરફ દયા આવે છે.

રણછોડની આ વાત સાંભળી નવનીતને થાય છે તો પછી સાચું શું છે. નવનીતના મનની આ શંકાનું સમાધાન કરવા રણછોડ તેને બારી પાસે લઈ જઈ ઝાડનાં પાંદડાં બતાવતાં કહે છે,

રણછોડ: જે સામેના ઝાડનાં પાંદડાં પર વિજળીનો પ્રકાશ પડે છે. રાત્રે પાંદડાં ભૂરાં લાગે. સવારનાં તડકામાં પીળાં લાગે. આપણે કહીએ કે પાંદડાં લીલાં હોય. સાચું શું? મેં તો કાચિંડાના બધા રંગ જોઈ લીધા.

એમ કહી નવનીતને હાથ મોં ધોઈ લઈ જમવા માટે સાથે આવવા

આગ્રહ કરે છે. નવનીત 'નથી આવવું'નો તંત છોડતો નથી. રણછોડ, શાહમૃગની જેમ રેતીમાં મોં ન છૂપાવવાની સલાહ આપે છે. નવનીતને મન તો રણછોડનાં આવાં વાક્યો મઢાવીને ઘરે ઘરે લટકાવી રાખવા જેવાં છે; સમાજમાં વહેવાર ચાલે, આવાં વાક્યો નહીં. રણછોડ સત્ય અને વહેવારમાં કોઇ ફરક રાખવા માંગતો નથી. આ છે બંને વચ્ચેનો સ્વભાવભેદ. બંને જણા પત્નીની ઉપેક્ષા કરે છે. એક પ્રભુસ્તવન અને જનકલ્યાણના બહાને અને બીજો સમાજ અને વહેવારના નામે. બંનેની પત્ની મણિલાલ પરત્વે આકર્ષાય છે. પણ બંનેના પ્રતિભાવો જુદા છે. ભોળો, સાલસ રણછોડ, મન મોટું રાખી સવિતા અને મણિલાલના સંબંધો આગળ આંખ આડા કાન કરી એક પ્રકારનો ત્યાગભાવ ઉપસાવે છે જ્યારે નવનીત મણિયાનું માથું વાઢવા તત્પર બને છે. નાટ્યકારે આ દ્દશ્યમાં બંનેનો પ્રકૃતિભેદ ટૂંકા ટૂંકા વાક્યો દ્વારા સચોટપણે નિરૂપ્યો છે.

નવનીત જમવા આવતા માનતો નથી ત્યારે અગાઉ જેમ નવનીતે મણિયા સામે મોરચો બાંધવા જગદીપનો સાથ લેવા જતી વખતે તેને પૂછેલું, "તું મારી પાર્ટીમાં છે કે મણિયાની પાર્ટીમાં?" તેમ સાથે જમવા આવવાની બાબતમાં તે નવનીતને પૂછે છે," તું કોની પાર્ટીમાં છે? મારી કે મણિ-લાલની?" નવનીત કહે છે, "તારી." એ સાંભળી રણછોડ સૂચકપણે કહે છે," તો ચાલ મોં ધોઈ લે. જગદીપ આપણી રાહ જોતો હશે." આ એક જ વાક્ય વડે નાટ્યકાર જગદીપ, રણછોડ અને નવનીતને દુઃખિયારાઓની એક પંગતમાં બેસાડી દે છે.

નવમા દ્દશ્યમાં રણછોડ યેનકેન પ્રકારેણ નવનીતને સાથે જમવા માટે રીઝવે છે, તો તેની સમાંતરે દસમા દ્દશ્યમાં સવિતા અને શર્મિષ્ઠા

નાયલોનની સફેદ સાડી પહેરી રણછોડના ઘરમાં મહેમાનોની આગતા સ્વાગતાની તૈયારી કરે છે. સવિતા, મણિલાલે આપેલી લિપસ્ટીકના લપેડા કરે છે ને શર્મિષ્ઠાને લગાડી આપવાનું કહે છે ત્યારે શર્મિષ્ઠા છણકો કરતાં કહે છે," મારી પાસે મેચીંગ બ્લાઉઝ પણ નથી." જિંદગીમાં પહેલી વાર લિપસ્ટીક લગાડી હોવાથી તેને બોલતાં ચીકણું ચીકણું લાગે છે. સવિતા તેને આશ્વાસન આપતાં કહે છે,

સવિતા: હવે અંગ્રેજી બોલતાં ફાવશે.. અંગ્રેજો તો દરરોજ બેવાર લિપસ્ટીક લગાડે.

જ્યારથી મણિલાલે કહ્યું છે કે કાશ્મીર જવું હોય તો આજે બધાંને માંડીને કહી દેવું ત્યારથી શર્મિષ્ઠાને બીક લાગવા માંડી છે. સવિતા એને હિંમત આપતાં કહે છે," સાચું કહેવાનું તેમાં બીક શાની? મણિલાલ નહોતો કહેતો કે સાચને આંચ નહીં." શર્મિષ્ઠાને થાય છે મણિલાલને જો અહીંયા બેશે તો નવનીતનો પીત્તો છટકશે ને નક્કી પોતાને છ મહિનાનો ખાટલો થશે. સવિતા તેને આશ્વાસન આપતાં પ્રસ્તાવ મૂકે છે," આજે બંગાળી ઢબે સાડી પહેરીશું એનાથી રહેશે." સવિતાના આ શબ્દો સાથે દસમું દૃશ્ય પૂરું થાય છે.

સવિતાની સખી શર્મિષ્ઠા હવે મણિલાલ પ્રત્યે પૂરેપૂરી આકર્ષાઈ ચૂકી છે. એનો પતિપરાયણતાનો 'ટચમી નોટ'નો આદર્શ હવે ખરી પડયો છે - ઓગળી ગયો છે. જે શર્મિષ્ઠા મણિલાલને જોઈને કહેતી હતી કે તારા ડાચામાં જોવા જેવું શું છે એ જ શર્મિષ્ઠા હવે અગિયારમા દૃશ્યના આરંભે મણિલાલની જોડે રાસડા લેતી, સવિતાને સંગ તરન્નુમમાં ગાવા માંડે છે," મારા ગુલાબનો ગજરો

– મોજીલા મણિલાલ."[૪] શર્મિષ્ઠા અને સવિતાને મન મોજીલા મણિલાલ તો છે જુગ જુગની પ્યાસ બુઝાવનાર, કાશ્મીરની ખીણો ખૂંદનાર, પહેલગામના પહાડોને પામનાર. મણિલાલને જોઈ સવિતા તરન્નુમમાં ગાય છે, " મારી પ્રેરણાનો પીયૂષ પહાડોમાં મને પ્રેમ કરશે " ને શર્મિષ્ઠા લલકારે છે, " મારી જુવાનીનો જામ છલકાવનાર જેલમનાં જંગલોમાં મને જેર કરશે."

ત્રણે હાથમાં હાથ પરોવી નૃત્ય કરે છે ને મણિલાલ Baa baa, black sheep નર્સરી રાઈમ ફટકારે છે. ત્રણે નૃત્યની મુદ્રામાં સ્થિર થાય છે ત્યારે રણછોડ, નવનીત અને જગદીપ સાથે પ્રવેશ કરે છે. શર્મિષ્ઠા અને સવિતાએ મણિલાલના સ્વાગત અર્થે ઘર વાળી ઝૂડીને ચોખ્ખું ચણાક કરી દીધું છે એ જોઈને નવનીત દાઢમાં બોલે છે," ઘર આખું નવું નવું લાગે છે." રણછોડ ટાપશી પૂરાવતાં કહે છે, " બેસતા વર્ષ જેવું."નવનીત વળી પાછો દાઢમાં બોલે છે," સાથિયા પૂર્યા છે ને કાંઈ! "ત્યાં મણિલાલ, રણછોડનું તેના જ ઘરમાં સ્વાગત કરતાં કહે છે, " કેમ છો? " રણછોડ, મણિલાલને આવકારે છે. જગદીપ જવા જાય છે. રણછોડ એને બેસવાનું કહે છે. સવિતાને આ ગમતું નથી. મણિલાલ, નવનીત જોડે વાત કરવાનો પ્રયત્ન કરે છે. નવનીત ગુસ્સે થઈ મણિલાલથી દૂર જઈ બેસે છે. મણિ-લાલ સવિતા પાસે પાણી માગે છે એટલે સવિતા આ તક ઝડપી શર્મિષ્ઠાને, મણિલાલને પાણી આપવાનું કહે છે. શર્મિષ્ઠા આનાકાની કરે છે. તેને તો છ મહિનાનો ખાટલો દેખાય છે."નવનીત બધાની વચ્ચે કશું નહીં કરે" એવું કહી સવિતા, શર્મિષ્ઠાને કાશ્મીર જવાની લાલચ બતાવી, મણિલાલને પાણી આપવા રાજી કરે છે. દરમ્યાન જગદીપ ત્યાંથી જમ્યા વગર જતા રહેવાનો આગ્રહ રાખે છે એટલે નવનીત તેનો ઊધડો લેતાં કહે છે,

નવનીત : જગદીપ, બધાની દેખતાં તારે આજે જવાબ આપવો પડશે. કોને લીધે તારે ફાંસો ખાવાનો વખત આવ્યો? રણછોડ, સવિતા કે મણિલાલ?

રણછોડ "વાંક એના ભાગ્યનો" એમ કહી મામલો પતાવી દેવા માગે છે પણ નવનીત મચક આપતો નથી. એ તો જગદીપને સાધેસાધું પૂછે છે, " તારી જિંદગીનું નખ્ખોદ તો આ મણિલાલે વાળ્યું કે નહીં?" ત્યારે જગદીપ એ માટે પોતાની માને જવાબદાર ઠેરવે છે. જો એની મા જીવતી હોત તો કોઈની મજાલ નથી કે સવિતાને એની પાસેથી ઝૂંટવે. અને આપઘાત કરવા પાછળનું બીજું કારણ એને ક્રિકેટની ટીમમાંથી હાંકી કાઢયો તે. સવિતાય ગઈ ને ક્રિકેટની રમત પણ ગઈ. મા હોત તો પોતે જીવી નાંખત એમ કહી જગદીપ, પોતાને છેલ્લીવાર લાડથી 'જગ્ગુ' કહીને બોલાવવા સવિતાને કરગરે છે. સવિતા પહેલાં તો એની માગણી ધુત્કારી કાઢે છે પણ પછી મણિલાલના કહેવાથી 'જગ્ગુ' કહી બોલાવે છે. જગદીપ સવિતાનો આ 'આખરી રહીસ્ટ' કબૂલ રાખી ત્યાંથી નીકળી જાય છે. રણછોડ 'જગદીપ..જગદીપ' કરતો તેની પાછળ જાય છે. નવનીત, "રણછોડ રણછોડ એ પાછું હિન્દીમાં બોલશે" એમ કહી જગદીપને પાછો બોલાવતો વારવા તેની પાછળ જાય છે ને થોડી વારમાં પાછો આવી, બારી પાસે ઊભો રહી, સવિતા - શર્મિષ્ઠા વચ્ચેની વાત સાંભળે છે.

સવિતા, ધીમા અવાજે શર્મિષ્ઠાને, નવનીતને બધું કહી દેવાનો આગ્રહ કરે છે. શર્મિષ્ઠા પણ ધીમા અવાજે સવિતાને રણછોડભાઈની હાજરીમાં અમે કાશ્મીર જવાના છીએ એવું નવનીતરાયને કહી દેવાનું સૂચવે છે. સવિતાને બરાબર સંભળાતું નથી એટલે શર્મિષ્ઠાને તે ચોખ્ખું બોલવા કહે છે. અત્યાર સુધી ધીમેથી બોલી રહેલી શર્મિષ્ઠા મોટેથી બોલી ઊઠે છે,

શર્મિષ્ઠા: કહેજે.. હું ને શર્મિષ્ઠા મણિલાલ ભેડે સફેદ એમ્બેસડરમાં કાશ્મીર જવાના છીએ.

નવનીત આ સાંભળી જાય છે. તે અંદર પ્રવેશી શર્મિષ્ઠાને ધમકાવે છે. પરંતુ શર્મિષ્ઠા હવે ધણીના ધાકમાં રહે તેવી રહી નથી. એ પણ નવનીતની સામે બાંયો ચડાવે છે.

નવનીત: બોલ, કોની સાથે જવાની છે?

શર્મિષ્ઠા: મણિલાલ સાથે.

નવનીત: કેમ?

શર્મિષ્ઠા: એની પાસે નવી સફેદ એમ્બેસડર આવવાની છે.

નવનીત: જેની જેની પાસે નવી સફેદ એમ્બેસડર આવે, એ બધા સાથે કાશ્મીર જવું છે કે?

શર્મિષ્ઠા: (મણિલાલની જેમ ઠાવકાઈથી) એ શક્ય હોય તો!

નવનીત: રણછોડ!

શર્મિષ્ઠા: એટલે.. અમે મણિલાલ ભેડે કાશ્મીર જવાના છીએ.

નવનીત: રણછોડ! રણછોડ!

શર્મિષ્ઠા: ખાલી દોઢ મહિના માટે તો જઈએ છીએ. એમાં આટલા ઘાંટા શું કામ પાડો છો?

નવનીત: એટલે ઘર બાળી તીરથ કરવાનાં?

શર્મિષ્ઠા: ફરવા જવાનાં

નવનીત: રણછોડ!

પોતાના નામની બૂમો સાંભળી રણછોડ અંદર દોડી આવે છે. સવિતા, મણિલાલ સાથેનો પ્રોગ્રામ ઘોષિત કરતાં કહે છે,

સવિતા: મણિલાલની નવી સફેદ પરી જેવી એમ્બેસડર આવવાની છે. બે દિવસ ઉદયપુર. એક દિવસ દિલ્હી, પછી શ્રીનગર. ત્યાં ડાલ લેકમાં હાઉસબોટમાં રહીશું.

મણિલાલ: ડાલ લેકની હાઉસબોટમાં રહેવું એ પ્રેમીઓ માટે જિંદગીની લ્હાણ છે.

નિર્વિકાર અને સ્થિતપ્રજ્ઞ એવો રણછોડ સવિતાને કાશ્મીરમાં આ સમયે ઠંડી વિશેષ હોવાને લીધે પોતાની શાલ સાથે રાખવાનું કહે છે. આ સાંભળી શર્મિષ્ઠા બોલી ઊઠે છે.

શર્મિષ્ઠા: શીખો, તમારા ભાઇબંધ પાસેથી કંઇ શીખો. કંઈ શીખો. (નવનીત શર્મિષ્ઠાને લાફો મારે.) હું નહોતી કહેતી? એમને હાથ ઉપાડવાનીય નવાઈ નથી. (રડે)

સવિતા 'નબળો માટી બૈરી પર શૂરો' એવો ટોણો મારે છે. રણછોડ, નવનીતના આ વર્તાવ બદલ પોતાને આજે નીચું જોવાનો વારો આવ્યો એનું દુઃખ પ્રગટ કરે છે. મણિલાલ, "કોઈ પણ સમજુ સંસ્કારી આર્ય નારી પર હાથ ઉગામવો અયોગ્ય છે" એવી કિશીઆરી મારે છે. સવિતા, "મારા ગભરુ બહેનપણી પર હાથ ઉગામ્યો છે. તમારા હાથમાં કાંટા ઊગજો.. તમે રૌરવ નરકમાં પડો." એવી શાપવાણી ઉચ્ચારે છે અને શર્મિષ્ઠા મસ્તક ઉન્નત રાખી નવનીતને સંભળાવે છે,

શર્મિષ્ઠા: આવા સહસ્ત્રકોટિ જુલમ ભોગવીને પણ હું કાશ્મીર પર્યટન કરવાની, કરવાની ને કરવાની જ.

એ જ ક્ષણે મણિલાલ બોલી ઊઠે છે," એયો ભાષાશુદ્ધિનો ચમત્કાર!"

ખરે જ આ ભાષાશુદ્ધિનો ચમત્કાર છે. ચાલીમાં રહેતી ને વાત વાતમાં ગટરછાપ ભાષા બોલતી આ બે સ્ત્રીઓના મુખમાં, પ્રેમાલાપ વખતે 'શુદ્ધ સાહિત્યિક ભાષા' મૂકી નાટ્યકારે ચમત્કાર સર્જ્યો છે.

શર્મિષ્ઠાને છેલ્લી વારની ધમકી આપતાં નવનીત કહે છે, "કાશ્મીર જઈશ તો મારી લાશ ઠેકીને જઈશ." રણછોડ, "નવનીત, આટલો અધિકાર શા માટે જમાવે છે?" એમ કહી નવનીતને વારે છે ત્યારે નવનીત પોતે ધણી તરીકે શર્મિષ્ઠા માટે શું શું નથી કર્યું એવા ડંફાસ હાંકે છે ત્યારે મણિલાલ આ બંને ધણીઓનો અને એ રીતે, તેમની પંગતમાં બેસનારા સૌ ધણીઓનો ઉધડો લઈ નાંખતા કહે છે,

મણિલાલ: શું કર્યું છે તમે એના માટે? તમે શર્મિષ્ઠા માટે ગુલાબનો ગજરો ક્યારે લાવ્યા? રણછોડભાઈ, સવિતા માટે મોગરાની માળા કોણ લાવ્યું? તમે તો સૌષ્ઠવદેહધારી સવિતાને આંખ ભરી જોઈ સુદ્ધાં નથી. એના માટે બાંધણી લાવ્યા નથી. નવનીતલાલે શર્મિષ્ઠાને શિફોનની સાડી અપાવી નથી. એમને તો એ પણ ખબર નથી કે શર્મિષ્ઠા બે ચોટલામાં કેવી નિર્દોષ દેખાય છે! ઉપેક્ષા તો કેવી થઈ છે કે શર્મિષ્ઠા ગુલાબી ગજરાનું મેચીંગ કરે છે ગુલાબી ચંપલ સાથે ને નવનીતલાલને એની પડી પણ નથી. કેવો ઘોર અન્યાય! સ્ત્રીને પરણીને ઘરે લાવ્યા. બસ થઈ ગયું. બેસાડી રાખી એને ખૂણામાં સ્ટોરવેલની જેમ, ગોંધી રાખી રસોડાની ચાર દિવાલ વચ્ચે, સાંકળથી બાંધી દીધી

મણિલાલ : ઢોલિયા સાથે ઘરઘંટીની જેમ. પછી મન થાય ત્યારે ભરડે રાખો. કહો, કોણે રાત આખી જાગીને પાપડના લુવા બનાવ્યા? કોણે મેથંબો કર્યો? વઘારેલી દાળમાં કોથમીર કોણ નાખે છે? ચોખ્ખા દૂધની ચાહમાં એલચીના ફોતરાં કોણ નાખે છે? બાસમતી ચોખાના બાચકા કોણ લાવે છે? ગરમા ગરમ ફૂલકાં પર ઘરનું ચોખ્ખું ઘી કોણ ચોપડે છે?

શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ, મધ્યમવર્ગીય કુટુંબજીવનમાં સ્ત્રીની થતી ઘરાર ઉપેક્ષાને અહીં મણિલાલના સંવાદો દ્વારા સબળ રીતે ઉપસાવવામાં આવી છે. આ વાસ્તવ આ નાટકના પ્રથમ અંકને અંતે પૂરી નાટ્યાત્મકતા સાથે ઊભું થઈ શક્યું છે.[૫]

મણિલાલની તીખી વાણી સાંભળી બધાં સ્તબ્ધ થઈ જાય છે. ત્યાં જગદીપની ઓરડી પ્રકાશિત થાય છે. જગદીપ ગળે ફાંસો નાખી આપઘાતની તૈયારી કરે છે. હિન્દી ગુજરાતી મિશ્રિત ભાષામાં પોતાનો આક્રોશ ઠાલવતાં તે કહે છે,

જગદીપ : હે વિશ્વનિયંતા! તેં મારી માને છીનવી લીધી. મુઝે દુઃખ નહીં હુઆ. જેને સ્વજન સમજીને પ્રેમ આપ્યો એ સવિતા પણ મારી નથી. કેવા ક્રિકેટના ચોગ્ગા મારતો? કેવી સેન્ચુરી કરેલી? હવે વેદના..વેદના... મૈં આ રહા હૂં માં તેરે પાસ. માં!

'અરર બાલુડાં બાપલાં અહો' એ ગીત તરન્નુમમાં ગાતો જગદીપ મરી જાય છે. અંધકાર છવાય છે. તે સાથે પ્રથમ અંક સમાપ્ત થાય છે.

બીજા અંકના આરંભે નાટ્યકાર ફરી એકવાર રણછોડના અવાજમાં થતું જનકલ્યાણ-પઠન નિરૂપે છે. સત્યુગમાં સંતાનપ્રાપ્તિ માટે શારીરસંબંધ બાંધવો આવશ્યક નહોતો. મંત્ર બોલવાથી કે દેવનું આહ્‌વાન કરવાથી સ્ત્રીને ગર્ભ રહેતો. દ્વાપર યુગમાં સ્પર્શમાત્રથી અને ત્રેતામાં ચુંબન કરવાથી પ્રજોત્પત્તિ થતી. પરંતુ કળીયુગમાં સંતાનપ્રાપ્તિ માટે શારીરસંબંધ બાંધવો અનિવાર્ય થઇ પડયો. આમ પ્રજોત્પત્તિ માટે મંત્રોચ્ચારથી માંડી શરીરસંબંધ પર્યંતનો ક્રમિક વિકાસ નિરૂપી નાટ્યકારે શરીરસંબંધ સાથે સંકળાયેલા નૈતિકતા-અનૈતિકતાના પ્રશ્નો કળીયુગમાં ઉદ્‌ભવ્યા હોવાનું આડકતરું સૂચન કર્યું છે. આ શરીર સંબંધ સમેતનો પ્રેમ એટલે જ અંગ્રેજીમાં થતો પ્રેમ. નાટકમાં વારે વારે એક યા બીજા પ્રકારે થતો અંગ્રેજી પ્રેમનો ઉલ્લેખ, કળીયુગમાં અનિવાર્ય થઇ પડેલા શરીરસંબંધને ઇંગિત કરે છે.

બીજા દૃશ્યમાં શર્મિષ્ઠા અને સવિતાને ખાટલા પર બેઠા વાતોમાં મશગૂલ દર્શાવવામાં આવ્યા છે. જગદીપે આપઘાત કરતાં પહેલાં સવિતાને સંબોધીને લખેલી ચિઠ્ઠી બંને રસપૂર્વક વાંચે છે. જગદીપ પોતે મણિલાલની જેમ સવિતાને અંગ્રેજીમાં પ્રેમ ન કરી શક્યો એટલે જ સવિતાએ તેને ધુત્કારી કાઢયો એવા તારણ પર આવે છે. તેને અંગ્રેજીમાં પ્રેમ કરતાં આવડતું નથી એ તેની મર્યાદા છે, અને સવિતાના વિયોગમાં જીવન જીવી શકતો નથી એ તેની વેદના છે એટલે જ તે પોતાની આહુતિ આપી સવિતાને પોતાના પ્રેમની ખાતરી કરાવી રહ્યો છે એવું મરતાં પહેલાં એ ચિઠ્ઠીમાં લખી જાય છે. જગદીપની ચિઠ્ઠી વાંચી શર્મિષ્ઠાને થાય છે જગદીપનો પ્રેમ પણ એમના પ્રેમ જેટલો જ સાચો નીકળ્યો. એને પણ અંગ્રેજીમાં પ્રેમ કરવો છે એટલે એ સવિતાને પૂછે છે, " હું પણ ચિઠ્ઠી લખી આપઘાત કરું તો મણિલાલ

મને સદાય અંગ્રેજીમાં પ્રેમ કરશે?" પોતાનો પ્રેમી બીજા કોઈને અંગ્રેજીમાં પ્રેમ કરે એ કદી ન સાંખી લેનારી સવિતા ફૂટ દઈને કહે છે," મણિલાલ તો બહુ વહેવારુ છે. એને મરેલા માણસોમાં રસ જ નથી." એ સાથે બીજું દૃશ્ય પૂરું થાય છે.

ત્રીજા દૃશ્યમાં નાટ્યકારે યમરાજની કપોલકલ્પિત પ્રયુક્તિ યોજી છે. આપઘાત કર્યા પછી જગદીપ સીધો નરકે સીધાવે છે. એ જેવો ભાનમાં આવે છે કે તરત સામે કેલેન્ડરમાં હોય તેવો પારંપરિક પોશાક ધારણ કરેલ, ૨૨ વર્ષના યમરાજ આવીને ઊભા રહે છે. પોતાને સાક્ષાત્ યમરાજ કહેવડાવનાર મૃત્યુના દેવ જગદીપને તો ગુરખા જેવા લાગે છે. પ્રેમ ખાતર જગદીપે આપેલા બલિદાનને કસમયે કરેલી કુરબાની તરીકે ઓળખાવનાર યમરાજ એ કુરબાનીને, જેટલું ઢાંકે તેટલું દેખાડે એવા રેશમી કાપડ સાથે સરખાવે છે કેમકે કોઈએ એનું બલિદાન માગ્યું નથી ને કોઈએ એનું બલિદાન સ્વીકાર્યું નથી. શંકર--ભાઈની રેખા સાથે એનું નક્કી થયું હતું એ વાતની યાદ અપાવી યમરાજ તેનો ઉધડો લેતાં કહે છે કે લાલુ જોડે ભાગી ગયેલી રેખા અઠવાડિયામાં જ પાછી આવી જવાની હતી તો પછી સવિતા જોડે લફરું કરવાની શી જરૂર? સવિતા પાછળ હરાયા ઢોરની જેમ પડવું એનું નામ જ પ્રેમ? પણ જગદીપ માટે તો સવિતા વિના એક પળ પણ જીવવું અશક્ય હતું. જગદીપે ભલે સવિતાનો પ્રેમ મેળવવા આપઘાત કર્યો હોય પણ યમરાજની દૃષ્ટિએ તો સવિતાની અને એ બહાને બધાની સહાનુભૂતિ મેળવવા માટે જ તેણે આવું ત્રાગું કર્યું હતું; પોતાના વિરહમાં પ્રેમિકાને ઝૂરતી જોવાનો આનંદ લેવા માટે જ પ્રેમનું કાવતરું રચ્યું હતું. જગદીપને તો એમ કે સવિતા... ખૂબ કલ્પાંત કરતી હશે, આંખમાં આંસુ, છૂટા વાળ, ભૂંસાઈ ગયેલો ચાંદલો ને ફાટેલી કાળી

સાડી પહેરી આક્રંદ કરતી હશે. પણ યમરાજ તેની આ ભ્રમણા દૂર કરવા માટે જ પૂછે છે," જેવું છે અત્યારે સવિતા શું કરે છે? "જગદીપ પહેલાં તો પોતાનાથી સવિતાની વેદના જોઇ નહીં શકાય એમ કહી ના પાડે છે પણ પછી પ્રેમ ખાતર પોતે બધું સહન કરવા તૈયાર છે એમ જણાવી સવિતા હાલ શું કરે છે એ જોવા માટે હા પાડે છે ને એ સાથે ચોથા દૃશ્યમાં સવિતા અને શર્મિષ્ઠા બપોરના સમયે રણછોડ-ભાઈના ઘરમાં પર્યટનનો પોષાક પહેરી કાશ્મીરના રંગીન પડદાની ગોઠવણ કરતાં દેખાય છે. વાસ્તવમાં તો, કાશ્મીર જવાનું મહિનાથી દૂર ઠેલાતું જાય છે એટલે બંને સખીઓ કાશ્મીરની સહેલગાહનું રિહર્સલ કરી રહી હોય છે. ઘરમાં કાશ્મીરના રંગીન પડદા ગોઠવ્યા પછી શર્મિષ્ઠાને તો અસ્સલ કાશ્મીર જેવું લાગે છે. સવિતા તો તરન્નુમમાં, ઉમાશંકર જોષીની કવિતા લલકારે છે, ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા... મણિલાલના પ્રતાપે જ તો!

શર્મિષ્ઠાને એમ લાગે છે કે કાશ્મીરમાં બરફ પડવો શરૂ થઇ ગયો છે ને પોતે ઠંડી હવાના સુસવાટાથી થરથરી રહી છે. સવિતા પણ એમાં સૂર પૂરાવતાં કહે છે," હાડ ગાળી નાંખે એવો હેમાળો આને જ કહેતા હશે!" પ્રેમદિવાની શર્મિષ્ઠા તો બોલી ઊઠે છે," મણિલાલ જોડે પ્રેમ ન થયો હોત તો કાશ્મીર કોણ દેખાડત?" ને એ ક્ષણે જ મણિલાલનો પ્રવેશ થાય છે. મણિલાલ તરન્નુમમાં Twinkle twinkle little star વાળી નર્સરી રાઈમ ફટકારે છે. શર્મિષ્ઠા,"બહુ ફાઈન કવિતા છે" એમ કહી તેનો અર્થ પૂછે છે ત્યારે ભાષાશુદ્ધિનો ચમત્કાર સર્જનાર મણિલાલ બંને સખીઓને નર્સરી રાઈમનો અર્થ સમજવ-વાને બહાને ભૂરકી નાંખતો બોલે છે,

મણિલાલ: હવાના સુસવાટા સમસ્ત વિશ્વને વીંટળાઈ વળ્યા છે. સૂર્યને ઢાંકી દેતાં કાળાં વાદળોએ પોતાનું સામ્રાજ્ય જમાવી દીધું છે. શુભ્ર બરફની ચાદર પર આછો વરસાદ વરસી રહ્યો છે.. અને હું બે સ્ત્રીઓને અંગ્રેજીમાં એક સાથે પ્રેમ કરું છું.

નરકમાં પડેલા જગદીપને, યમરાજએ દેખાડેલું આ દૃશ્ય જોઈને થાય છે કે પોતાના મરણ પછી તો સવિતાએ પોતાનો છેદ ઉડાવી દીધો છે. આંખમાં આંસુ.. છુટ્ટા વાળ એ તો કેવળ ભ્રમણા હતી. આના કરતાં આપઘાત ન કર્યો હોત તો સારું થાત એવો એને અહેસાસ થવા માંડે છે. યમરાજ તેની આ દશા જોઈ બોલી ઊઠે છે, "ભગવાન હું તો મૂંઝાઈ ગયો છું." ને એ ક્ષણે જ જાણે યમનો સાદ સાંભળી આઠ વર્ષની વયના વિષ્ણુ ભગવાન પ્રવેશે છે. એમણે કેલેન્ડરમાં હોય તેવો પારંપરિક પોષાક પહેર્યો છે. જગદીપ આપઘાત કરી, વખત પહેલાં અહીં આવ્યો છે એવું યમરાજના મુખેથી જાણ્યા પછી વિષ્ણુ ભગવાન તેને નરકમાં ધકેલી દેવાની કે પછી બહાર અવકાશમાં ત્રિશંકુની જેમ લટકાવી દેવાની આજ્ઞા કરે છે. જગદીપને તો એમ કે પોતાને સ્વર્ગ મળશે એટલે એ પૂછે છે, "સ્વર્ગમાં જગ્યા નથી?" ચિત્રગુપ્તના ચોપડા પ્રમાણે જગદીપે તો હજુ બીજા ચાળીસ વર્ષ પૃથ્વી પર ગાળવાના હતા. વિષ્ણુ આપઘાત કરવાનું કારણ પૂછે છે અને "સવિતા માટેનો પ્રેમ" એવું કારણ યમરાજના મુખેથી જાણ્યા પછી જગદીપને, કોઈને ઊંધો લટકાવી તાપણી કરી છે ને એની બાજુમાં ઊભા રહેવાની જગ્યા છે ત્યાં ધકેલી દેવાનું ફરમાવે છે. તાપથી એ હેરાન થઈ જાય તો વાંધો નહીં એમ જણાવી યમરાજને તે "ચાલો આપણી બાજી માંડીએ" એવું કહી પાસાબાજી

રમવા આમંત્રે છે. પૃથ્વીલોકની નર્મદા નદીમાં પૂર આવ્યું હોવાથી હજારો માણસ મરી ગયા છે એટલે પોતાને આજે ખૂબ કામ છે એમ કહી યમરાજ, વિષ્ણુની આજ્ઞા લઈ વિદાય થાય છે. જગદીપ વિષ્ણુ જોડે પાસાબાજી રમવાનો પ્રસ્તાવ મૂકે છે. જગદીપને તો નરક મળ્યું છે ને નરકમાં રમત ન હોય એમ કહી વિષ્ણુ ભગવાન તેના પ્રસ્તાવ ધુત્કારે છે ત્યારે જગદીપને થાય છે કે પોતે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી નહીં, ગીતાનું અધ્યયન, અખાના છપ્પા, મીરાંનાં ભજન ગાયા નહીં, ભૂગોળના પેપરમાં ચોરી કરીને પાસ થયો એટલે જ પોતાને નરકમાં ધકેલવામાં આવ્યો છે. તેના ભ્રમનું નિરસન કરતાં વિષ્ણુ કહે છે,

વિષ્ણુ: મૂરખ! અહીં ઈશ્વરભજન કરવાથી સ્વર્ગ મળતું નથી. દુષ્કૃત્યો કરનાર નેતાઓ, દાણચોરો... અરે, કેટલાક કલાકારો પણ સ્વર્ગમાં સિધાવે છે!

જગદીપ: તો કુદરતનો ન્યાય ક્યાં?

વિષ્ણુ: કુદરતમાં ક્યારેય ન્યાય જોયો છે? સત્કર્મીના ખેતરમાં વરસાદ પડે ને કુકર્મીના ખેતરનું ધાન સુકાઈ જાય - એવું બન્યું છે ખરું?

જગદીપ: તો સાચું શું?

વિષ્ણુ: એ જ કે જ્યાં જગ્યા હોય ત્યાં મરણ પામેલાંઓને ગોઠવી દેવાં.

જગદીપ: અને જો પંદરેક માણસો સાથે મરી જાય તો!

વિષ્ણુ: આ પાસા શા માટે છે? પાસા ફેંકીને નક્કી થાય છે - સ્વર્ગ કે નરક.

જગદીપ: એટલે અહીં પણ બધું અનિશ્ચિત છે... પૃથ્વી પર એ જ સ્થિતિ. તો પછી ફરક શું?

વિષ્ણુ: ફરક એ કે અહીંનાં પાસા દેખાય છે.

સવિતા માટેનો પોતાનો પ્રેમ હોડમાં મૂકી જગદીપ, વિષ્ણુ ભગવાનને પાસાબાજી રમવા મનાવી લે છે. તેના પાસા પોબારા પડે છે ને તે બાજી જીતી જઇ બદલામાં મેળવે છે, ભગવાન વિષ્ણુ પાસેથી સવિતાના પ્રેમનું વરદાન. ને નરકમાં બેઠો બેઠો જુએ છે સવિતાના ઘરનું દૃશ્ય. બપોરનો સમય છે. કાશ્મીરના પડદા કયાંક ખૂણામાં પડયા છે. મણિલાલ પ્રવેશે છે. સવિતા - શર્મિષ્ઠા મણિલાલની આરતી ઉતારે છે. સવિતા, મણિલાલને ખુશખબર સંભળાવવા તલપાપડ થઈ જાય છે. સફેદ એમ્બેસડર આ મહિને પણ નહીં આવવાની હોવાથી ગાણે જાણા કાશ્મીર જવાનું રિહર્સલ વધુ એક મહિનો કરી શકશે તેને મણિલાલ ખુશખબર માની બેસે છે પણ સવિતા ફટાક દઈને કહી દે છે, "આ મારા ખુશખબર નથી." એટલે મણિલાલ બીજો તુક્કો લગાવતા કહે છે, "ખબર છે. ઘરે મહેમાન આવવાનું છે." સવિતા ગર્ભવતી બની છે એટલે એ સંદર્ભમાં તે પૂછે છે, "તને કેવી રીતે ખબર પડી?" ત્યારે મણિલાલ, ઘરમાં નવું ફ્રીઝ આવવાનું છે એ સંદર્ભમાં નવા મહેમાનની વાત આગળ ચલાવતાં કહે છે," રણછોડભાઈએ કહ્યું. એમણે તો કહ્યું નામ અને સાઈઝ સાથે બેસીને જ નકકી કરી લઈએ." મણિલાલ તો આ બધું ફ્રીઝના સંદર્ભમાં કહે છે પણ સવિતા તો પોતાને બાળક આવવાનું છે એ સંદર્ભમાં નવા મહેમાનની વાત કરતી હોય છે એટલે આ સાંભળી ચોંકી જતાં પૂછી બેસે છે," નામ તો ઠીક પણ સાઈઝ?" મણિલાલ હવે ઘટસ્ફોટ કરતાં કહે છે,

મણિલાલ: ગોદરેજ ૧૬૫ લીટર. મહિનામાં આવી જશે.

આ સાંભળી સવિતા પોતાની વાતનું રહસ્ય ખૂલ્લું કરતાં કહે છે," મારી ખુશખબરને આવતાં પૂરા નવ મહિના લાગશે."

અહીં નાટ્યકારે 'મહેમાન' શબ્દની રમત દ્વારા રમૂજની છોળો ઉડાડી છે.

દરેક બાબતમાં સવિતાની બરોબરી કરવા ટેવાયેલી શર્મિષ્ઠાને પણ મા બનવાનું મન થાય છે. એટલે જ્યારે મણિલાલ, પુત્રરત્નના સમાચાર લાવનાર શર્મિષ્ઠાને, કોઈ ઐતિહાસિક પાત્રની અદાથી પૂછે છે," બોલ તારે શું જોઈએ છે? મોતી જડેલ હાર, હીરાનાં પડીકાં કે એમ્બેસડર કાર?" ત્યારે શર્મિષ્ઠા શરમાતાં શરમાતાં કહે છે," મારે પણ તમારું સંતાન જોઈએ." મણિલાલ જાણે વરદાન આપતો હોય તેમ કહે છે,

મણિલાલ: વ્હાલી, તને પણ એક નવું નક્કોર પેટીપેક સંતાન આપીશ. ખુશ?

આ સાંભળી અત્યાર સુધી બારી પાસે ઊભા રહી શર્મિષ્ઠા પર જાસૂસી કરતો નવનીત અંદર ધસી આવે છે, અને રાડ પાડે છે," ના! ખબરદાર જો મારી બૈરીને હાથ લગાડયો છે તો? ત્યારે બીજા અંકના આરંભે, જનકલ્યાણમાંથી પઠન કરતાં કરતાં રણછોડે ઉચ્ચારેલા સતયુગમાં સંતાનપ્રાપ્તિના તમામ સંદર્ભોને એક સાથે પ્રગટ કરી આપતા હોય તેમ મણિલાલ પાસે નાટ્યકાર કહેવડાવે છે,

મણિલાલ: હાથ લગાડયા વગર સંતાન આપતાં મને નથી આવડતું.

શર્મિષ્ઠા પણ હવે પૂરેપૂરી છકી ગઈ છે. એ હવે ધણીના કહ્યામાં નથી એટલે એ પણ બિન્ધાસ્તપણે કહે છે,

શર્મિષ્ઠા: એ તો કહે હવે. તમ તમારે લગાડજોને.

નવનીત શર્મિષ્ઠાનો હાથ ઝાલી તેને પોતાના ઘરે તાણી જાય છે. રણછોડ પ્રવેશે છે. સવિતા કહે છે, " હવે કાશ્મીર નહીં જવાય." તેનું રહસ્ય સમજાવતાં મણિલાલ કહે છે, " સારા દિવસો આવ્યા છે." આ સાંભળી રણછોડ અત્યંત સૂચકપણે કહે છે, " કાશ્મીર ગયા વગર." મણિલાલ, 'રણછોડભાઈ, તમે બાપ બનવાના છો' એવી વધાઈ આપે છે ત્યારે સ્તબ્ધ બની ગયેલો રણછોડ, બધી ઉપરવાળાની લીલા છે એવું માની "હરિ હરિ, તારી ઈચ્છા ગરીયસી" કહી ચૂપ થઈ જાય છે.

નરકમાં બેઠા બેઠા રણછોડની આ દશા જોઈ જગદીપની આંખમાં આંસુ આવી જાય છે. પોતાની અસલ ફિલ્મી લઢણમાં ડાયલોગ બોલી જગદીપ વિષ્ણુ ભગવાનને વીનવે છે.

જગદીપ: લેકિન એક બાત, ભગવાન! તેરે પાસ મૈંને કભી અર્જ નહીં કી તો આજ કરકે કહેતા હું કે સવિતા કા પ્યાર મુઝે જરૂર દેના, લેકિન રણછોડભાઈકો દુઃખી મત કરના.. વો એક હી શખ્સ થા જીસને મુઝે કહા થા કી જિંદગી અમૂલ્ય છે, એને વેડફી ન દેવાય. ઉસીને મુઝે ફોટોગ્રાફીકી લાઈન દિખાઈ થી. મૈં ઉસકે દુઃખકો દેખ નહીં સકુંગા. ભલે હી ઉસકે લિયે મુઝે આપ કે સાથ દૂસરી પાસાબાજીકી ગેમ ખેલની પડે.

વિષ્ણુ ભગવાન, જગદીપ ગુજરાતીમાં બોલે એ શરતે એની સાથે રણછોડભાઈના સુખની પાસાબાજી માંડે છે. રણછોડના નામના બારના પાસા સતત પડયા કરે છે ને એ સાથે દૃશ્ય પૂરું થાય છે.

આઠમા દૃશ્યમાં નવનીત બાંડિયું-લેંઘો પહેરી પથારીમાં સૂતો હોય છે

અને રણછોડ તેની ખબર કાઢવા આવે છે. આ દૃશ્યમાં નાટ્યકારે ખૂબ જ પ્રચ્છન્ન રીતે રણછોડ અને નવનીત વચ્ચેનો સજાતીય સંબંધ ઈંગિત કર્યો છે. શર્મિષ્ઠા મણિલાલ પ્રત્યે આકર્ષાઈ છે એટલે નવનીતને જિંદગી જીવવાનો કશો અર્થ નથી લાગતો. રણછોડ તેને સાંત્વના આપતા કહે છે કે અનાસક્તિ અને પ્રભુની આસ્થા પર જિંદગી જીવી નાખવી જોઈએ. નવનીતની જેમ રણછોડને પણ બાળપણની દુનિયામાં ખોવાઈ જવાનું મન થાય છે. એને બાળપણના એ મજમસ્તી અને દોડાદોડીના દિવસો માણવા છે એટલે જ નવનીતનો હાથ પકડી બધું છોડીને ચાલ્યા જવા ઈચ્છે છે. પણ હવે એ શક્ય નથી એટલે મનને મનાવતો હોય તેમ નવનીતને કહે છે,

રણછોડ : ઈશ્વર પણ કેવો દયાળુ છે, ભતભતની લીલા સવિતા
થકી દેખાડે છે.

ઈશ્વરની લીલા, સ્વર્ગ-નર્ક વગેરે અગમનિગમની વાતો કરતાં નવનીત પૂછે છે,

નવનીત : ધાર કે તને નરક મળે ને મણિલાલને સ્વર્ગ મળે તો ?

રણછોડ તો એને પણ ગતજન્મનું ફળ માની આવકારે છે. નવનીતને મન માણસ મરી જાય એટલે બધું રાખ થઈ જાય, કશું રહે જ નહીં પણ રણછોડની દૃષ્ટિએ તો કેવળ શરીર નાશવંત છે, આત્મા નહીં એટલે જ તો એ નવનીતને આત્મા અને દેહની ફિલસૂફી સમજાવતાં કહે છે,

રણછોડ : છેલ્લા ડચકારામાં નીકળી જાય એ આત્મા. પછી તો કીડી, મંકોડા

રણછોડ: કાગડા, ગીધડાં... બધાંને અણ થઇ જાય કે આત્મા ગયો. હવે હવે દેહ ચૂંથવામાં વાંધો નથી. કદાચ કાલે જ આપણો પણ સમય આવી જાય.

આ ક્ષણે જ નવનીત, પોતાના રણછોડ સાથેના સંબંધોનો અણસાર આપતાં પૂછે છે,

નવનીત: તું ય ચાલ્યો જાય, હું ય ચાલ્યો જાઉં તો આપણા પ્રેમનું શું થાય?

એ પછી નાટ્યકાર નવનીતને આવેલા સ્વપ્નનું દૃશ્ય નિરૂપે છે. વાસ્તવમાં તો નવનીત, આગલી રાતે પોતાને આવેલા સ્વપ્નનું રણછોડ આગળ વર્ણન કરે છે અને એ સમગ્ર વર્ણન દૃશ્ય રૂપે ભજવાય છે. આથી નવનીત એક સાથે રણછોડ જોડે વાત કરી શકે છે તેમ જ સ્વપ્નમાં આવતા છેલછબીલા, મોજીલા મણિલાલ સાથે પણ વાતચીત કરી શકે છે.

સ્વપ્નમાં નવનીત સ્ત્રીનો વેશ લઈને, બ્લાઉઝમાં છરી સંતાડીને મણિલાલને મારવાની યોજના ઘડે છે. એ સ્વપ્નનું વર્ણન કરતી વખતે નવનીત, પહેરેલાં કપડાં પર શર્મિષ્ઠાની સાડી પહેરે છે. રણછોડ એને રસપૂર્વક જોયા કરે છે. પોતાની સામે સાડી પહેરી રહેલા નવનીતને એ સૂચનાઓ પણ આપે છે... માથે ઓઢ નહીં તો ઓળખાઇ જઇશ.. પાટલી તો બરાબર વાળ..વગેરે. રણછોડના દેખતા એ બ્લાઉઝમાં છરી સંતાડે છે. રણછોડ, છરો વાગી ના જાય એની કાળજી લેવાનું કહે છે. સ્વપ્ન વર્ણવતાં નવનીત કહે છે,

નવનીત: સપનામાં બપોરના બે વાગ્યા છે..બધે અંધારું ઘોર..મણિલાલનો

નવનીત: આવવાનો સમય થઇ ગયો છે... આજે કેંસલો છે, કાં તો મણિયો નહીં કાં હું નહીં. હું અંધારામાં સંતાઇ જઉં છું... જેથી કોઈને દેખાઉં નહીં... અને મવાલી દાખલ થાય છે.

એ સાથે સાડી પહેરવાની પ્રક્રિયા પૂરી થાય છે. પ્રકાશ ઘેરો થાય છે. અને સ્વપ્નમાં મવાલીના પ્રવેશની જગ્યાએ સાચુકલી શર્મિષ્ઠા ઘરમાં પ્રવેશે છે. સ્વપ્નનું વર્ણન કરતી વખતે નવનીતે સાડી પહેરી છે. નવનીતને સાડી પહેરેલો જોઈ પહેલાં તો શર્મિષ્ઠા "ઘરમાં ચપ્પુ લઈને ચોટ્ટી ઘૂસી ગઇ છે બચાવો.. બચાવો" એવી બૂમો પાડે છે પણ પછી નવનીત પોતાની ઓળખ આપે છે એટલે નવનીતને સ્ત્રીના વેશમાં જોઈ તેનો ઉધડો લેતાં કહે છે,

શર્મિષ્ઠા: આ શું વેશ કાઢ્યા છે?.. આ તો વહેલી પાછી આવી એટલે પકડાઈ ગયા. ઓ..મા! મારી નવી નકોર સાડી ચોળી નાખી ... સવિતાને કહીશ કે જો તારા ભાઈએ કેવા વેશ કાઢ્યા છે!

આ સાંભળી નવનીત શર્મિષ્ઠાને કરગરતાં કહે છે,

નવનીત: સવિતાને નહીં કહેતી! હું તારા માટે શિફોનની સાડી, થાળી ને કબાટ, સ્ટેનલેસ સ્ટીલનો કોફી સેટ, સનમાઈકાનું ટેબલ ને પ્લાસ્ટિકની ડોલ લઇ આવીશ. પણ સવિતા આગળ આના વિશે એક હરફ કાઢતી નહીં.. એ રણછોડને કહી દેશે.

રણછોડ અને નવનીત વચ્ચેના સંબંધોનો પર્દાફાશ કરતાં શર્મિષ્ઠા કહે છે,

શર્મિષ્ઠા : અહીં પાદયા હો છો તોય રણછોડભાઈને જઈને કહો છો તો આ વાતની શાની શરમ?

આ સાંભળી નવનીત કહે છે, " રણછોડ સાંભળીને હસશે." અને રણછોડ ખડખડાટ હસી પડે છે. શર્મિષ્ઠા " તો હું ધરતીમાં સમાઈ જઈશ" એમ કહી ખાટલા પર સૂઈ જાય છે. નવનીત, સ્વપ્નનું વર્ણન રસપૂર્વક સાંભળી રહેલા રણછોડને ઉદ્દેશીને કહે છે,

નવનીત : ફરી ત્રણના ટકોરા સંભળાય છે. હું અંધારામાં સંતાઈ જઉં છું. કોઈને દેખાઉં જ નહીં. ભવાલી દાખલ થાય છે.

ત્યાં પ્રકાશ વધુ ઘેરો બને છે. મણિલાલ કૃષ્ણનો પહેરવેશ પહેરી પ્રવેશે છે. હાથમાં વાંસળી છે. નવનીત રણછોડ આગળ સ્વપ્નની જે વાત કરે છે તે અહીં દૃશ્યરૂપે ભજવાતી હોવાથી નાટ્યકારે આ પ્રકારના રંગનિર્દેશ આપ્યા છે.

કૃષ્ણવેશે આવેલો મણિલાલ... સ્ત્રીવેષધારી નવનીતને ઉદ્દેશીને કહે છે,

મણિલાલ : પ્રિયે, આજે નવનીતલાલ નથી તેથી કેટલું સારું લાગે છે! સદાયકાળ માટે એ હોય જ નહીં. પછી માત્ર હું ને તું! કેવી કાળજી રાખી છે તેં મારા આગમનની? દરવાજે ઉઘાડો. બત્તીનો ઝાંખો પ્રકાશ. ધીમું સંગીત ને ત્યાં તું સૈકાઓથી ઈજન આપતી કંડારેલી યક્ષિણીની જેમ સૂતી છે.

નવનીત તરત જ એ સ્વપ્નવાળા દૃશ્યમાંથી બહાર નીકળી રણછોડને

સંબોધતાં કહે છે,

નવનીત: મારા સ્વપ્નમાં આવી મને જ ગાળો દેતો હતો.

મણિલાલ "નદીમાં આવેલ પૂરની જેમ હૃદય તારી તરફ ધસમસી રહ્યું છે" એવું બોલે છે કે તરત જ નવનીત, મણિલાલનું બોચું પકડતાં મોટેથી બોલે છે," ખબરદાર જો એને અડક્યો છે તો! કરી લે યાદ તારા ભગવાનને!" આ સાંભળી બે પળ બધાં સ્તબ્ધ થઈ જાય છે. પછી સ્વપ્નવાળા દૃશ્યમાંથી સીધા રણછોડ સાથે વાત કરતાં નવનીત કહે છે,

નવનીત: જ્યારે એને જોયો ત્યારે ખબર પડી. અદ્દલોઅદ્દલ કૃષ્ણનો ડ્રેસ પહેરીને આવેલો. શર્મિષ્ઠાને પણ આવો ભવાયાનો વેશ શું કામ ગમતો હશે?

નવનીત મણિલાલને મારવા હાથ ઉગામે છે. મણિલાલ ઈશારો કરે છે ને તરત નવનીતનો હાથ થીજી જાય છે. ફરી લાગ જોઈ તે મણિલાલ ઉપર હુમલો કરે છે. ફરી મણિલાલ ઈશારો કરે છે ને નવનીત આક્રમક મુદ્રામાં મૂર્તિની જેમ જડાઈ જાય છે. મણિલાલ, નવનીતને, નાના બાળકને સમજાવતો હોય તેમ કહે છે,

મણિલાલ: શર્મિષ્ઠા અને સવિતા તો ગોપીહૃદય છે. કૃષ્ણ પાછળ અચૂક જવાની. તારો ક્રોધ ફગાવી દે.

એમ કહી મણિલાલ જાય છે. નવનીત આક્રમક મુદ્રામાં ક્રોધનાં આંસુ

સારે છે. રણછોડ ઊભો થઈ તેના માથે હાથ ફેરવે છે. મૂર્તિવત્ થઈ ગયેલા નવનીતમાં આ સ્પર્શથી ચેતન આવે છે. પ્રકાશ બદલાય છે. રણછોડ ખાટલા પર સૂતેલી શર્મિષ્ઠાની બાજુમાં જઈ બેસે છે. રણછોડના ખોળામાં માથું નાખી નવનીત ધ્રુસકે ધ્રુસકે રડે છે. રણછોડ તેને સાંત્વના આપતાં કહે છે,

રણછોડ: નવનીત, નવનીત... રડ નહીં. શાંત થા. આટલામાં રડી પડયો? આ તો પહેલાં જેવું કર્યું. આંસુ લૂછી નાખ, બકા, શાંત થા.

પછી તરન્નુમમાં પ્રેમાનંદનું કડવું લલકારે છે... "પછી શામળિયાજી બોલિયા તને સાંભરે રે / હાજી નાનપણાની પ્રીત મને કેમ વિસરે રે" અંતિમ પંક્તિમાં એ કહે છે, "આપણ સૂતા એક સાથ રે તને સાંભરે રે..."

નવનીતના હીબકાં શમી ગયાં છે. નવનીતને સ્વપ્નમાં મણિલાલ કૃષ્ણ સ્વરૂપે દેખાયો એટલે રણછોડ તેને નસીબદાર માને છે.

રણછોડ: તું નસીબદાર છે.. તને અડધા કલાકમાં બ્રહ્માંડનું જ્ઞાન મળી ગયું.. અડધા કલાકમાં સંસારનાં સઘળાં રહસ્યોને તું પામી ગયો.. મારો મુરારિ પણ કેટલો નટખટ છે. મને સંદેશો આપવા નવનીતના સ્વપ્નમાં દર્શન આપ્યાં - નવનીત મને આપણો માર્ગ ચોખ્ખો દેખાય છે!

અને રણછોડ, નવનીતને એ માર્ગ પર ચાલવાનું ઈજન આપે છે. અંતે

નવનીત સંમત થાય છે. 'એ માર્ગ કયો?' તેનું રહસ્ય નાટ્યકાર, નાટકના છેલ્લા દૃશ્યમાં પ્રગટ કરે છે.

દૃશ્ય બદલાતાં શર્મિષ્ઠાનું ઘર દેખાય છે. બપોરનો સમય છે. રણછોડ બેઠો છે. મણિલાલ ગીત ગણગણતો પોતાના સાધારણ પોષાકમાં પ્રવેશે છે. મણિલાલને જોઈ રણછોડ પૂછે છે," કંઈ બહુ ખુશમિજાજમાં છો ને?" ત્યારે નાટ્યકાર, મણિલાલ પાસે સૂચકપણે કહેવડાવે છે,

મણિલાલ: શરીરના સુખ માટે જીવું છું. નથી આ ખોળિયાની ચિંતા કે ઈશ્વરને મળવાની તમન્ના.

તે પોતે નવનીતને સ્વપ્નમાં 'કૃષ્ણ મુરારિ' રૂપે દેખાયેલો હોવાની વાત રણછોડ કરે છે ત્યારે મણિલાલ, "પાંચેય ઈન્દ્રિય સભર રાખી જીવનાર માણસ ઈશ્વર બની શકે નહી" એમ કહી એ વાતને નકારી કાઢે છે. મણિલાલ, પોતે સવિતા અને શર્મિષ્ઠાને પ્રેમ કરે છે એ વાત બે કુટુંબો વચ્ચે જ રહેવી જોઈએ એવો અભિપ્રાય વ્યક્ત કરે છે ત્યારે રણછોડ એ વાતને નકારી કાઢતાં કહે છે,

રણછોડ: પ્રેમને ઘરના આંગણામાં જ દાટી દેવા માંગો છો? .. સાચા પ્રેમની પતાકાનો પડઘો પડવો જોઈએ.. તમારો પ્રેમ જાહેર કરો.. મેં મારી પત્ની કૃષ્ણાર્પણ કરી. તમે એનો સ્વીકાર કરો.

સવિતા- મણિલાલ વચ્ચેનો પ્રેમ હવે જગજાહેર થવો જોઈએ, સાત્તિ-

-જનો પણ એ વાત જાણે એવો રણછોડ પ્રસ્તાવ મૂકે છે ને એ સાથે નાટકના છેલ્લા દૃશ્યમાં રણછોડ, નવનીતને જ્ઞાતિજનોને પાઠવવાની આમંત્રણપત્રિકાનો મુસદ્દો વાંચી સંભળાવે છે,

રણછોડ: રા. રા. શ્રીમાન શ્રીમતી, જત જણાવતા આનંદ થાય છે કે વડીલોની અસીમ કૃપાથી ચૈત્ર સુદ એકમના રોજ અંગ્રેજી પ્રેમનો પ્રત્યક્ષ અનુભવ જ્ઞાતિજનો સમક્ષ રજૂ કરવા નિરધાર્યું છે... આ માંગલિક પ્રસંગની શરૂઆત મુંબઈ સ્ટાન્ડર્ડ ટાઈમ ચાર વાગે રાખવામાં આવેલ છે. આપણી જ્ઞાતિના દરેક દંપતીને આ પ્રસંગે હાજર રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.. અંગ્રેજી પ્રેમના કલાકારો સવિતા રણછોડ--લાલ અને મણિલાલ મોજીલાલ રહેશે. તો દરેક દંપતીએ...

ને ત્યાં સવિતા અને મણિલાલ હાથમાં હાથ પરોવી પ્રવેશે છે.

રણછોડ: આવી ગયા અંગ્રેજી પ્રેમના કલાકારો!

શર્મિષ્ઠા: રિહર્સલ કેવાં ચાલે છે?

નવનીત: અમને ક્યારે જોવા મળશે?

મણિલાલ: (નવનીતને) તમે પ્રોડ્યુસર છો. તમારે સર્જન પ્રક્રિયામાં દખલ ન કરવી.

રણછોડ: પણ કેટલે આવ્યું એ તો કહો..

શર્મિષ્ઠા: જેથી અમને આમંત્રણ પત્રિકા બનાવવાની ખબર પડે..

આમ રણછોડ પોતાના હાથે સવિતા-મણિલાલનો પ્રેમ જગજાહેર થાય એવો પેંતરો રચે છે. આ એ જ માર્ગ છે જેની ઉપર ચાલવા

રણછોડ નવનીતને સમજાવતો હતો.

રણછોડ આમંત્રણપત્રિકાનો મુસદ્દો ઘડે છે એવામાં વિષ્ણુ પ્રવેશે છે. નાટ્યકારે વિષ્ણુને માત્ર આઠ જ વર્ષના દેખાડયા હોવાથી સવિતા એને કોઈનો ખોવાઈ ગયેલો છોકરો માની લે છે. વિષ્ણુ પોતાને સ્વયંભૂ તરીકે ઓળખાવી, પોતે સ્વર્ગમાં રહેતો હોવાનું જણાવી પોતે સાચે જ વિષ્ણુ છે એમ ભારપૂર્વક કહે છે ત્યારે પણ સવિતા તો એને નાનું બાળક જ સમજે છે ને એને લાડ લડાવતાં કહે છે,

સવિતા: એને હેરાન નહીં કરો. નહીં તો રડી પડશે. અહીં આવ. એ દીકરા, તું ખોવાઈ ગયો છે. આજકાલ તારા જેવા સરસ છોકરાઓને ચોર-ડાકુ-લૂંટારા ઉપાડી જાય છે. તું અમને તારું સરનામું આપ એટલે તને તારા ઘરે મૂકી આવીએ.

વિષ્ણુ એના ભ્રમનું નિરસન કરતાં કહે છે,

વિષ્ણુ: હું સ્વર્ગથી આવ્યો છું અને સાચ્ચે જ વિષ્ણુ ભગવાન છું અને રણછોડને મારી સાથે સ્વર્ગમાં લઈ જવા આવ્યો છું.

આ સાંભળી રણછોડ ઉન્માદમાં આવી બોલી ઊઠે છે," સાચ્ચે? મારો મુરારિ? જશોદાનો દુલારો આવી ગયો છે!" નવનીત, " આ બાળક જોડે ગાંડા ન કાઢ" એમ કહી રણછોડને વારે છે. વિષ્ણુ અગાશી પર પુષ્પક વિમાન ઊભું હોવાની વાત કરે છે એટલે

રણછોડ તરન્નુમમાં લલકારે છે, "મૈયા મોરી મેં નહીં માખન ખાયો.." અને પુષ્પક વિમાન પોતાને તેડવા આવ્યું હોય તેમ વિષ્ણુને કહે છે, " ચાલો પ્રભુ." નવનીત એને રોકે છે. ઉન્માદી રણછોડ તેનો હાથ છોડાવતાં કહે છે,

રણછોડ: સાક્ષાત્ પ્રભુ પુષ્પક વિમાન લઈને તેડવા આવ્યા,
ને હું ન જઉં?

નવનીત 'ચમત્કાર વિના નમસ્કાર નહીં' એમ કહી વિષ્ણુને ભગવાન હોવાની ખાત્રી કરાવવાનું કહે છે. શર્મિષ્ઠા દિવસને અંધારા-માં ફેરવી નાંખવાનું કહે છે. વિષ્ણુ પોતાનો પરચો દેખાડવા માટે નાટકના પ્રકાશ વ્યવસ્થાપકને આજ્ઞા કરે છે, "જરા બ્લેક આઉટ દેના". એટલે અંધકાર થાય છે. શર્મિષ્ઠાને કશું દેખાતું નથી. નવનીતને રાની પશુના અવાજ સંભળાય છે. રણછોડ વિષ્ણુને વીનવે છે, " ભગવાન મને તો શ્રધ્ધા છે. પ્રભુનું પારખું મારે તો નહોતું કરવું. અમને દિવસ પાછો આપો." એટલે વિષ્ણુ ફરી એકવાર સૂચના આપે છે, " જરા લાઈટ દેના. જનરલ લાઈટ્સ!"

પ્રકાશ થાય છે ત્યારે જગદીપ બધાની વચ્ચે ખાટલા પર ઊભેલો દેખાય છે. જગદીપ તો બધાને જરૂર મળવા આવ્યો છે. મળીને પાછો નરક ભેગો થઈ જવાનો છે. જગદીપ બધા આગળ પોતાની નરક-યાતના વર્ણવે છે, ત્યારે વિષ્ણુ તેની સ્પષ્ટતા કરતાં કહે છે કે જગદીપ કવખતે આવેલો ને ઉપર જગ્યા નહોતી એટલે તેણે નરક-યાતના ભોગવવી પડેલી. આ સાંભળી સવિતા પૂછે છે,

સવિતા: જગદીપ, ઉપરની વાત કરને! ત્યાં પણ તું હિંદીમાં ડાયલૉગ બોલતો હતો?

જગદીપ 'હા' 'ના' કહેવાની જગ્યાએ સીધો ફિલ્મી ડાયલૉગ જ ફટકારે છે, "તુમ્હેં યાદ કરતા થા." રણછોડલાલ પુષ્પક વિમાનમાં બેસી સ્વર્ગે જવા થનગની રહ્યા છે એ જોઈ જગદીપ તેમને સાચી હકીકતની જાણ કરતાં કહે છે,

જગદીપ: રણછોડભાઈ સાચું કહું! તમને ઉપર લેવા વિમાન આવ્યું છે, પણ કંઈ જવા જેવું નથી.. યમરાજ અને વિષ્ણુ પાસા નાખીને નક્કી કરે, સ્વર્ગ કે નરક.. હું તો જઈ આવ્યો છું...

પણ રણછોડ હજી પોતાની આસ્થામાંથી ડગ્યો નથી. એ વિષ્ણુને કહે છે,

રણછોડ: ભગવાન! આ બધા ભટકેલા જીવોને કહો કે સ્વચ્છ, નિર્મળ પુષ્પ જેવું શુભ્ર જીવન જીવો તો જ તમારો સાક્ષાત્કાર થાય.

અને એ પછી નાટ્યકારે રણછોડના આ ભ્રમનું ક્રમિક નિરસન કરતા જે સંવાદો નિરૂપ્યા છે તે અત્યંત ટૂંકા પણ સચોટ છે.

વિષ્ણુ: પણ (સ્વચ્છ, નિર્મળ જીવન જીવવાથી પ્રભુનો સાક્ષાત્કાર થાય) એવું કંઈ જ નથી.

રણછોડ: હું સમજ્યો નહીં.

વિષ્ણુ : કંઈ નહીં, આ તો જગદીપ સાથે જૂગટું રમતો'તો..

શર્મિષ્ઠા : ભગવાન થઈને જુગાર રમો છો?

વિષ્ણુ : ટાઈમપાસ..

નવનીત : પછી શું થયું?

વિષ્ણુ : રણછોડનો સમય થઈ ગયો હતો ને એના નામના બારના પાસા સતત બાર વાર પડયા.

સવિતા : એવું પહેલાં ક્યારેય થયું છે, ભગવાન?

વિષ્ણુ : છેલ્લું તુકારામ વખતે થયેલું.

રણછોડ : એટલે સ્વર્ગ કે નરકનું જૂગટું રમીને નક્કી થાય?

વિષ્ણુ : કેમ? તારું કોઈ બીજું સૂચન છે?

રણછોડ : મેં કરેલી પ્રભુભક્તિનું શું?

વિષ્ણુ : એ તારો ટાઈમપાસ, આ મારો ટાઈમપાસ.

સવિતા : દસ વર્ષનું જનકલ્યાણનું લવાજમ ભર્યું!

વિષ્ણુ : નકામો ખર્ચ કર્યો.

રણછોડ : આજ સુધા આંગણે આવેલું પુષ્પક વિમાન કોઈએ પાછું મોકલ્યું છે?

વિષ્ણુ : ના રે! તુકારામ તો કોઈની રાહ જોયા વિના જ બેસી ગયો'તો.

રણછોડ : હું નથી આવતો.

વિષ્ણુ : કેમ? સ્વર્ગનો આનંદ પૃથ્વીની લાલસા માટે ગુમાવે છે?

રણછોડ : ક્ષમા કરજો ભગવાન. આ તો ઘોર અન્યાય છે! જિંદગી આખી તમારું નામ લીધું- એનું કંઈ જ નહીં?

વિષ્ણુ : કેમ તને સ્વર્ગ તો આપું છું!

રણછોડ : પાસા નાખીને!

વિષ્ણુ : એ વાત સાચી.

રણછોડ : તો આજે પહેલી વખત પુષ્પક વિમાન ખાલી લઈને પાછા જાઓ.

રણછોડ નિભ્રાન્ત થઈ સ્વર્ગે જવાની ના ભણે છે. પુષ્પક વિમાન કદી ખાલી પાછું લઈ જવાય નહીં એટલે મણિલાલ પોતે એ વિમાનમાં બેસીને જવાની પ્રસ્તાવ મૂકે છે. "મને કંઈ ફરક પડતો નથ" એમ કહી વિષ્ણુ એ પ્રસ્તાવ ઝીલી લે છે. મણિલાલ,"મારું કર્તવ્ય પૂરું થયું" એમ કહી રણછોડ - નવનીતની હાથ જોડી વિદાય લે છે. સવિતા અને શર્મિષ્ઠા પૂછે છે," અંગ્રેજી પ્રેમના પ્રદર્શનનું શું? આમંત્રણપત્રિકાઓનું શું? જ્ઞાતિજનોનું જ્ઞાન કોણ વધારશે? તમારા અંગ્રેજી પ્રેમનો સંદેશ વિશ્વ સુધી કોણ પહોંચાડશે?" ત્યારે મણિલાલ પ્રેક્ષકોને સંબોધતાં કહે છે," મારા ગયા પછી આ કર્તવ્ય તમારું..."

મણિલાલ જતાં જતાં અંગ્રેજી પ્રેમની છેલ્લી પ્રસાદી આપતો હોય તેમ બધાને પ્રેમની ફોર્મ્યુલા આપે છે.

મણિલાલ: એક કિલોગ્રામ પ્રેમ બરાબર સૂપડાથી સાફ કરી એક તપેલામાં કાઢો. કાંકરા ન હોય એનો ખાસ ખ્યાલ રાખવો. એમાં સ્ત્રીના મોહિની સ્વરૂપનું બે ચમચી મેળવણ નાખો. ત્રણ દિવસ સુધી શીકામાં લટકાવી રાખો. આથો આવે ત્યારે ચાર ચમચી આનંદ, ત્રણ ચમચા ભક્તિ, એક ચમચી ફોલેલી એલચી અને બે દાળના ચમચા ભરી આકર્ષણ નાખો. દિવસમાં ત્રણ વાર બે ચમચી આ મિશ્રણનું મધ સાથે સેવન કરી, અને પૃથ્વી પર રહીને સ્વર્ગનો આનંદ મેળવો.

મણિલાલ વાતો કરવામાં રહે છે એટલે વિષ્ણુ આવીને તાકીદ કરે છે," મણિલાલ તું આવે છે કે હું નવનીતને લઈ જઉં?" નવનીત, રણછોડની પાછળ છુપાવવાનો પ્રયત્ન કરે છે. મણિલાલ "ચાલો પ્રભુ" કહી વિદાય લે છે ત્યારે સવિતા અને શર્મિષ્ઠા ચિંતિત થઈ કહે છે,

શર્મિષ્ઠા: તમે જશો તો ગુલાબનો ગજરો કોણ લાવશે?
સવિતા: કોણ લાવશે મોગરાની વેણી?
શર્મિષ્ઠા: તમારા વિના પ્રેમબગીચો સુકાઇ જશે!
સવિતા: આંખમાં સતત અશ્રુધારા વહેશે.

આ ક્ષણે રણછોડ અને નવનીતમાં જાણે પરિવર્તન આવ્યું હોય તેમ તેઓ વચન આપે છે,

રણછોડ: સવિતા, તું ચિંતા ન કર. તારા માટે મોગરાની વેણી હું લાવીશ.
નવનીત: શર્મિષ્ઠા માટે ગુલાબના ગજરા હું રોજ લાવીશ.

મણિલાલ અને વિષ્ણુ જાય છે. રણછોડ - સવિતા, નવનીત - શર્મિષ્ઠા ગ્રુપ ફોટાની મુદ્રામાં ઊભાં રહે છે. ધીમે ધીમે અંધકાર છવાય છે ને નાટક સમાપ્ત થાય છે.

આમ નાટ્યકારે અહીં રમતિયાળ ભાષાશૈલી પ્રયોજી ચાલીમાં રહેતા ગુજરાતી મધ્યમ વર્ગના સ્ત્રી-પુરુષની જાતીય સમસ્યાને ચગાવી છે. વિષ્ણુ અને યમરાજ જેવાં પૌરાણિક પાત્રોના મુખે ગુજરાતી અંગ્રેજી

મિશ્રિત બોલચાલની ભાષા, ચાલીમાં રહેતા સાવ સાધારણ સ્ત્રી-પુરુષના મુખે શુદ્ધ સાહિત્યિક ભાષા અને જગદીપ જેવા પાત્રના મુખે ફિલ્મી ડાયલૉગ જેવી હિન્દી ભાષા બોલાવડાવી વિડમ્બન અને ઉપહાસનું વાતાવરણ રચ્યું છે. ભાષાની પ્રયુક્તિ અહીં નાટકના મર્મને ઉપસાવવામાં કારગત નિવડી છે. આ સંદર્ભમાં શ્રી સતીશ વ્યાસ યથાર્થપણે નોંધે છે કે નાટકની ભાષાશૈલી રમતિયાળ છે. આ રમતની જ વાત હોઈ, ક્રીડનની જ વાત હોઈ આ પ્રકારની શૈલી ઔચિત્ય નિર્માણ કરે છે. ટીખળ, મજાક, ઉપહાસ અને વિડમ્બનના પલટાતા જતા લહેકાઓ નાટકના મર્મને ઉભરાવવામાં કારગત નીવડે છે. આ રમત આપણે રમતા નથી, જે રીતે રમવી જોઈએ એ રીતે રમતા નથી એ મર્મ લેખક / નાટ્યકાર સક્ષમતાથી ઉપસાવી શક્યા છે.. સવિતાના સંવાદોમાં દેશી નાટક સમાજશૈલીનાં લક્ષણો છે. રચનાકારને છેવટે તો જે વિડમ્બના રચવી છે, ઉપહાસ કરવો છે અને ઉપસાવવા આ પ્રકારની સંવાદશક્તિ એમને વિશેષ ઉપકારક થઈ છે.[૬]

નાટ્યકારે ભાષાની પ્રયુક્તિ ઉપરાંત યમ અને વિષ્ણુની કપોલ--કલ્પિત પ્રયુક્તિ પણ યોજી છે. જો કે શ્રી સતીશ વ્યાસની દૃષ્ટિએ તેનાથી નાટક નબળું પડે છે. એ પ્રયુક્તિ રહેવાને બદલે કેવળ કરામત (ગિમિક) બનીને અટકી જાય છે. જગદીપનું સ્વર્ગારોહણ અને પૃથ્વી અવતરણ પણ આવી જ કરામત બનીને અટકી ગયાં છે. વિષ્ણુ-જગદીપયમની પાસાંની રમત પણ તેમના મતે કરામતી જ વધારે લાગે છે.[૭]

આ સંદર્ભમાં યમ વિષ્ણુની કપોલકલ્પિત પ્રયુક્તિને તપાસવી ઉચિત

લેખાશે. આ પ્રયુક્તિ યોજવા પાછળ જગદીપ અને રણછોડના ભ્રમનું નિરસન કરવાનું ચોક્કસ પ્રયોજન રહ્યું છે. પ્રથમ અંકની શરૂઆતમાં નાટ્યકારે રણછોડને 'જનકલ્યાણ' સામયિકમાંથી પઠન કરતો દર્શાવ્યો છે. તન,મન,ધનથી પ્રભુનું ધ્યાન ધરવાથી, જપ કરવાથી, પ્રભુસ્મરણ કરતાં કરતાં ઈશ્વરમય થઈ જવાથી સાક્ષાત વિષ્ણુ પુષ્પક વિમાન લઈને હાજર થાય છે ને વિમાનમાં બેસાડી પ્રભુ ભક્તને સ્વર્ગનો વૈભવ દેખાડે છે - આ મધ્યકાલીન આસ્થા--માં રાચતા રણછોડના સામા છેડે છે મણિલાલ જેને નથી ખોળિયાની ચિંતા કે નથી ઈશ્વરને મળવાની તમન્ના. એ તો કેવળ શરીરના સુખ માટે જીવે છે. તેમ છતાં અંતે તો એ જ પુષ્પક વિમાનમાં બેસી સ્વર્ગ તરફ આરોહણ કરે છે. આ વિરોધાભાસ દર્શાવવા માટે નાટ્યકારે યમ-વિષ્ણુની કપોલકલ્પિત પ્રયુક્તિ યોજી છે. વળી યમ અને વિષ્ણુને અનુક્રમે ૨૨ વર્ષ અને ૮ વર્ષની વયના દર્શાવી તેમજ તેમને જૂગટું રમતાં તથા અંગ્રેજી ગુજરાતી મિશ્રિત બોલચાલની ભાષામાં સંભાષણ કરતાં દેખાડી નાટ્યકારે તેમની લોકમાનસમાં પ્રચલિત છબીને જાણીબૂઝીને ખંડિત કરી છે. જિંદગી આખી પ્રભુસ્મરણ કરવાથી કે દસ વર્ષ સુધી 'જનકલ્યાણ'નું લવાજમ ભરવાથી સ્વર્ગ મળે એ નરી ભ્રમણા જ છે. પ્રભુભક્તિ એ પણ એક પ્રકારનો ટાઈમપાસ જ છે. સત્કર્મીને સ્વર્ગ મળે ને દુષ્કર્મીને નરક એ માન્યતા પણ ભૂલભરેલી છે. સ્વર્ગ કે નરકનું જુગટું રમીને પણ નક્કી થઈ શકે. નાટ્યકારે મધ્યમવર્ગીય માનસમાં ઘર કરી ગયેલા પ્રભુસ્મરણ, ઈશ્વરભક્તિ, સ્વર્ગ-નરક, જાતીયતા, નૈતિકતા વિષયક ભ્રામક ખ્યાલોનું ઉન્મૂલન કરવા માટે જ હળવી શૈલીમાં આ પ્રયુક્તિ યોજી છે. વળી પ્રિય પાત્રના મર્યા પછી સ્ત્રી આંખમાં આંસુ, છુટ્ટા વાળ, ભૂંસાઈ

ગયેલો ચાંદલો અને ફાટેલી કાળી સાડી પહેરી આક્રંદ જ કરે એવી જગદીપની માન્યતાનું પણ નાટ્યકારે આ પ્રયુક્તિ થકી જ ખંડન કર્યું છે. વિડમ્બન અને ઉપહાસ એ આ નાટકનું મુખ્ય લક્ષ્ય હોવાથી આ પ્રકારની પ્રયુક્તિ અંતે તો ઉપકારક જ નીવડી છે.

મણિલાલમાં રણછોડને મુરારિનાં દર્શન થાય છે એ ક્ષણોને શ્રી સતીશ વ્યાસે રોમાંચક ગણાવી છે. પરંતુ મણિલાલ સ્વર્ગમાં જતાં પહેલાં પ્રેમની ફોર્મ્યુલા દર્શાવે છે એ તેમને થોડી બાલિશ લાગી છે. વળી નાટકના અન્તે નવનીત - રણછોડ શર્મિષ્ઠા - સવિતા માટે ગુલાબના ગજરા અને મોગરાની વેણી લાવવાનાં વચનો આપે છે એ પરિવર્તન પણ તેમને ઝાઝું પ્રતીતિકર લાગતું નથી.[૯] જો કે પ્રેમની ફોર્મ્યુલા અને આકસ્મિક સ્વભાવ પરિવર્તન અંતે તો ઉપહાસ--નો વિષય બનતાં હોવાથી તે અપ્રસ્તુત ઠરતાં નથી.

'મોજીલા મણિલાલ' નાટકનો પ્રથમ પ્રયોગ જાણીતા યુવા દિગ્દર્શક મહેન્દ્ર જોષીના નિર્દેશનમાં, 'અવાંતર - વિકલ્પ' સંસ્થાના નેજા હેઠળ ૪ નવેમ્બર ૧૯૮૯ના રોજ સાંજે ૭.૦૦ વાગે પૃથ્વી થિયેટર મુંબઈ ખાતે પૃથ્વી થિયેટર નાટ્ય-મહોત્સવ '૮૯ના કર્ટન રેઝર તરીકે થયો હતો.

નાટ્યકાર પોતે ચિત્રકાર હોઈ 'સન્નિવેશ'ની કલ્પના તેમણે પોતે જ કરી છે. પ્રથમ અંકમાં અગિયાર અને બીજા અંકમાં દસ દૃશ્યોની ભજવણી માટે તેમણે પાંચ સ્થળવિશેષો પસંદ કરવામાં આવ્યા છે. નરકના સ્થળને બાદ કરતાં બાકીનાં ચારેય સ્થળો મુંબઈ જેવા નગરમાં વસતાં મધ્યમ વર્ગના કુટુંબોની રહેણીકરણીને વ્યક્ત કરનારાં છે.[૯]

સવિતાના ઘરનું વર્ણન કરતાં તેઓ લખે છે - ચાલીનો ઓરડો, બારણાં અને બારીની બહાર ચાલીનો પેસેજ દેખાય. મધ્યમ વર્ગની ગૃહિણી જાતે કામ કરે એટલી ચોખ્ખાઈ. ખાટલો, ચોકડી, પણિયારું. શર્મિષ્ઠાના ઘરનું વર્ણન કરતાં તેઓ જણાવે છે - લગભગ સવિતાના ઘર જેવું. ફરક માત્ર એટલો, અહીં ફોન છે. (જે નવનીતની વધુ સારી આર્થિક સ્થિતિ તથા વહેવારુ જીવનદૃષ્ટિનો સંકેત કરે છે) આમ સવિતા અને શર્મિષ્ઠાનાં ઘરો લગભગ એકસરખાં છે. જ્યારે અપરિણીત જગદીપની ઓરડી સાંકડી, અસ્તવ્યસ્ત વાંઢાની ઓરડી છે. આમતેમ બાંધેલા વાયર પર જૂનાં કપડાં ને ડેવલપ કરી સૂકાતા ફોટાનેગેટિવ્ઝ લટકે છે. એક ટેબલ પર ફોટાની થપ્પી મૂકેલી છે અને ફોટોગ્રાફીનો સામાન છે. આ બધાં સ્થળોને જોડતો ચાલીનો પેસેજ પણ અહીં છે જે સવિતા, શર્મિષ્ઠા -ના ઘરના બારી-બારણાંમાંથી અલપઝલપ દેખાય છે. નરકની કલ્પના તેમણે અવકાશમાં કરી છે. આમ નાટ્યકાર પોતે ચિત્રકાર હોવાથી તખ્તાને અનુરૂપ એવા સન્નિવેશની કલ્પના કરી છે જે શ્રી સતીશ વ્યાસ નોંધે છે તેમ સાદો, ઝાકઝમાળ વિનાનો અને દૃશ્યપરિવર્તન દરમિયાન ભાગ્યે જ સમય બગડે એવા સ્થળ-સંયોજનનો દ્યોતક છે. [૧૦]

નાટકના દિગ્દર્શક મહેન્દ્ર જોષીએ કયા પ્રકારની પ્રયોગભાષાનો વિનિ-યોગ કર્યો તેમજ સંવાદ પર વધારે બંધાયેલી અને પાતળું કાર્ય-તત્ત્વ ધરાવતી આ નાટ્યકૃતિને રંગમંચની ઉપકરણો વડે દૃશ્ય-શ્રાવ્ય પરિમાણ કેવી રીતે બક્ષ્યું તેમજ દિગ્દર્શકના સતત સાંનિધ્યને લીધે કૃતિ તખ્તાલાયકી કેવી રીતે ધારણ કરતી ગઈ તેની ચર્ચા 'મંચભાષા' સમજવામાં ઉપયોગી નીવડશે.

મંચભાષા બહુધા દિગ્દર્શકે તારવેલા અર્થઘટન પર અવલંબતી હોય છે. લેખક પોતે પોતાની કૃતિ વિષે શું કહે છે તે દિગ્દર્શકને માર્ગદર્શક નિવડી શકે પણ તે અનિવાર્ય નથી. અર્થઘટન માટે તો દિગ્દર્શકે 'નાટ્યઆલેખ'- play script- ઉપર જ આધાર રાખવો પડે. પ્રસિદ્ધ ચિત્રકાર ભૂપેન ખખ્ખર નાટ્યલેખન ક્ષેત્રે ઝંપલાવે એટલે એની સર્વત્ર નોંધ લેવાય. 'મોજીલા મણિલાલ'ની રજૂઆત પૂર્વે નાટ્યકાર ભૂપેન ખખ્ખર અને દિગ્દર્શક મહેન્દ્ર જોષીએ અખબારો અને સામયિકોને આપેલી મુલાકાતમાં નાટકના અર્થઘટન વિષે ખાસ્સી ચર્ચા કરી છે જે લેખક અને દિગ્દર્શકનો દૃષ્ટિકોણ સમજવામાં ઉપયોગી બની શકે. 'અભિયાન', 'Saturday Times' માં પ્રગટ થયેલી પ્રયોગ પૂર્વેની મુલાકાત તેમ જ 'Independence'માં પ્રસિદ્ધ થયેલી પ્રીતિ શાહની પ્રયોગસમીક્ષાના આધારે લેખક અને દિગ્દર્શક 'મોજીલા મણિલાલ' વિષે શું કહે છે તે જાણવું રસપ્રદ થઈ પડશે.

શહેરમાં જીવતો મધ્યમ વર્ગ, ભૂપેન ખખ્ખરનાં ચિત્રોનો મુખ્ય વિષય રહ્યો છે. ચાલમાં જીવતો પરિવાર, ચાવાળો, ચણા-મમરાવાળો, જનતા પાન હાઉસ કે ઘડિયાળ રિપેરર - દરેક જણ ભૂપેનભાઈના રંગોમાં ઝિલાયા છે. એમની ચિત્રશૈલી વાસ્તવદર્શી છે. એટલે ભૂપેનભાઈ જ્યારે નાટ્યલેખન તરફ વળે છે ત્યારે પણ તેમના રસનો વિષય બને છે, શહેરમાં જીવતો મધ્યમવર્ગ. વર્ષો અગાઉ તેમણે 'વાડીલાલ ડ્રેસવાલા' નામનું એક નાટક લખ્યું હતું. થોડી વાર્તાઓ પણ લખેલી જે અવારનવાર સામયિકોમાં પ્રગટ થતી રહેલી. પરંતુ તેમને સૌ પ્રથમ સ્વીકૃતિ ચિત્રકાર તરીકે મળી એટલે ચિત્રો દોરવાનું શરૂ કરી દીધું. તેમના જેવા પ્રતિભાસંપન્ન કલાકાર, ચિત્રકલામાં આટલો યશ મળ્યા

પછી નાટ્યલેખન તરફ શા માટે વળ્યા તેની સ્પષ્ટતા કરતાં ભૂપેનભાઈ સૂચકપણે કહે છે," દરેક કલામાધ્યમમાં લિમિટેશન- મર્યાદા હોય છે. ઘણી બધી વસ્તુઓ તમે લખી શકો, એ તમે ચિત્રમાં ન કહી શકો. એવું જ શબ્દ માટે પણ કહી શકાય. શબ્દમાં તમે ભૂરા રંગને 'ભૂરો' કહો, પરંતુ એટલું જ, પણ ચિત્રકલામાં તમે ૪૦ જાતના ભૂરા રંગનો ઉપયોગ કરી શકો. એક જ રંગના સંખ્યાબંધ શેડ્સ્ તમે મૂકી શકો. તે નાટકમાં શક્ય નથી. પણ નાટકમાં પર્સનલ રિલેશનશીપ હોય છે. દરેક પાત્ર બોલતું હોય છે. એના શબ્દોમાં એનું ચરિત્ર વ્યક્ત થાય છે. જે ચિત્રમાં એટલી હદે નથી થઈ શકતું. પાબ્લો પિકાસોએ જે ચિત્રમાં કર્યું તે શબ્દમાં ન થઈ શકે. રિલ્કે- -એ જે કાવ્યમાં કર્યું તે ચિત્રમાં ન થઈ શક્યું હોત..."[૧૧] " The things which I feel I can't paint, I write... A painting shows a situation at its climax. It cannot show situations in terms of time..."[૧૨] એટલે જ્યારે એમને એવું લાગ્યું કે પોતે જે અભિવ્યક્ત કરવા ઈચ્છે છે તે 'ચિત્ર' કરતાં 'નાટક' દ્વારા, 'કેનવાસ' કરતાં 'તખ્તા' દ્વારા સચોટપણે અભિવ્યક્ત કરી શકે એમ છે ત્યારે તેઓ નાટ્યલેખન તરફ વળ્યા.

'મોજીલા મણિલાલ' નાટક લખવાની પ્રેરણા કેવી રીતે મળી એના જવાબમાં ભૂપેનભાઈ કહે છે," નાટકનું નાટ્યવસ્તુ જીવનમાંથી મળે છે... મારી ચારે કોર જે જિંદગી જીવાય છે તે જિંદગીમાંથી જ આ નાટક નીપજ્યું છે. મણિલાલ નામના મારા એક મિત્ર છે. તે એક વાર મને અમદાવાદ સ્ટેશન પર મળી ગયા. મણિભાઈ મને તેમની સાથે અમદાવાદની પોળની ચાલમાં લઈ ગયા. ત્યાં ચાલમાં રહેતી બે સ્ત્રીઓ અથાણાં બનાવીને વેચવાનું કામ કરે છે. એમની સાથે મણિભાઈના જે સંબંધો હતા તે જોઈને મને આ નાટક લખવાનો વિચાર આવ્યો હતો."[૧૩] " ૧૯૮૮ના **સાહચર્ય**ના ચીંચણ

- વર્કશોપ વેળાએ 'મોજીલા મણિલાલ' નાટકની થોડાં પાનાં લખ્યાં. ત્રીસ પાનાં લખેલાં. વર્કશોપ દરમિયાન બધાએ ત્યાં લખેલું વાંચ્યું. મેં નાટક વાંચ્યું. નૌશિલ મહેતા હાજર હતો. એને ગમ્યું. નાટક પૂરું લખવા ખૂબ ઉત્સાહ દાખવ્યો. ભવિષ્યની પરવા કર્યા વિના મેં નાટક લખવામાં ઝંપલાવ્યું"[૧૪]
" આ નાટકનો વિચાર મેં મારા મિત્ર નૌશિલ મહેતાને જણાવ્યો. આ નાટક લખાવવાનો યશ નૌશિલને ફાળે જાય છે."[૧૫]

ભૂપેનભાઈની દૃષ્ટિએ નાટક કે કોઈ પણ સાહિત્યકૃતિ 'સેન્ટિમેન્ટલ' ન હોવી જોઈએ. તેમના મતે " આપણે ત્યાં સ્ટેજ પર મોટે ભાગે જે નાટકો રજૂ થતાં હોય છે તેમાં આપણે ટિયરગૅસ ચાલુ રાખીએ છીએ. કરુણ અને હાસ્ય, પાછું કરુણ ને પાછું હાસ્ય - એ આપણી હાથવગી ફોર્મ્યૂલા છે. 'માર્ક્સ બ્રધર્સ'માં સતત હસવાનું જ આવે છે. આપણાં નાટકોમાં આવું કેમ નથી? કેમ ન હોઈ શકે? નાટક હાસ્યપ્રધાન હોવું જોઈએ."[૧૬] જો કે આ 'યુનિવર્સલ ટ્રુથ' નથી પણ તેમનો અંગત મત છે. કદાચ એટલે જ ભૂપેનભાઈએ કટાક્ષ, વ્યંગ અને વિડંબનાથી સભર 'મોજીલા મણિલાલ' જેવું હાસ્યપ્રધાન નાટક લખ્યું છે.

તેમનાં ચિત્રોની જેમ 'મોજીલા મણિલાલ'માં પણ મધ્યમ વર્ગના સમાજની વાત છે. લગ્નેતર આડાસંબંધો, પ્રેમ, મૃત્યુ, ધર્મ-અધર્મ, સેક્સ, નીતિ-અનીતિ અને ફિલસૂફી અંગે આપણા સમાજમાં પ્રવર્તતી જડ માન્યતાઓ પર હળવો કટાક્ષ છે, વ્યંગ છે. આપણાં રીત-રિવાજો અને મૂલ્યોની નિરર્થકતા પર ભૂપેનભાઈએ વ્યંગ કર્યો છે. આખાય નાટકમાં 'બ્લૅક હ્યુમર' છે. હાસ્ય અને વ્યંગનાં શસ્ત્રથી ભૂપેનભાઈએ તકલાદી સામાજિક મૂલ્યો પર પ્રહાર કર્યા છે, પણ હસતાં રહીને, હસાવતાં રહીને. એટલે જ Tanya Trivedi, Saturday Timesમાં નોંધે છે," Mojila Manilal deals

with some of the themes that have held an enduring allure for Khakhar - relationships, middle-class values, hypocrisy and religion. It is a comedy which sometimes verges on a farce and sometimes gets philosophical."[૧૭]

'મોજીલા મણિલાલ' માં મધ્યમ વર્ગના સમાજની વાત હોવાથી જ એ દિગ્દર્શક મહેન્દ્ર જોષીને વધારે સ્પર્શી ગયું. પોતે પણ મધ્યમવર્ગમાંથી જ આવતા હોઈ અને મધ્યમવર્ગથી પોતે સવિશેષ પરિચિત હોઈ આ નાટક તેમને પોતીકું લાગ્યું અને એટલે જ તેઓ નાટકનું દિગ્દર્શન કરવા પ્રેરાયા. Tanya Trivedi લખે છે, " He (Joshi) feels that Mojila Manilal has struck a chord with him because it is basically a play about the middle-class of which he is a member and with whom he is intimately acquainted."[૧૮]

મહેન્દ્ર જોષી આ પહેલાં તોખાર, ખેલૈયા, કેસરભીનાં, પાંખ વિનાનાં પતંગિયા, તાથૈયા જેવાં વિદેશી કૃતિઓનાં રૂપાંતરો ભજવી ચૂકેલા પણ ગુજરાતી મૌલિક નાટક (પૂર્ણલંબાઈનું) ભજવવાનો આ પહેલો અવસર હતો. કોઈ પણ જાતના પૂર્વસંકેત વિના કોરી સ્લેટ પર અક્ષર પાડવાના હતા. Saturday Timesના પત્રકાર સાથેની મુલાકાતમાં તેનો અણસાર મળે છે. Says Mahendra Joshi from his director's chair: "Some plays give you a lot of tips, but I started directing this one feeling rather blank, but things gradually fell in place. This is first time that I'm directing an original, full-length play and I'm really enjoying myself."[૧૯] મહેન્દ્ર જોષીના મતે 'મોજીલા મણિલાલ'

સાંપ્રત-વર્તમાન રંગભૂમિનું 'પ્રથમ મૌલિક નાટક' છે. આ અંગે સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે, " મૌલિક એટલે આપણી માટીમાંથી જન્મ્યું હોય તે. 'ઑરિજિનાલિટી'ને સંબંધ છે, આપણા કલ્ચર સાથે, આપણા 'ગુજરાતીપણા' સાથે. વિષયની મૌલિકતા, વિષયનું મૂળ આપણા જિવાતા જીવનમાંથી આવવું જોઈએ. મારા લોકો... મારો સમાજ... મારી પોતીકી અનુભૂતિ હોય તેવું નાટ્ય-બીજ એ મૌલિક નાટક. હું સતત જેની શોધમાં હતો તે આ નાટકે મને આપ્યું છે. ભૂપેન ખખ્ખરની 'ઑરિજિનાલિટી' આપણા 'કલ્ચર' સાથે છે... 'મોજીલા મણિલાલ'માં વાત છે જન્મથી મૃત્યુ સુધીની. આપણા બીબાંઢાળ, અર્થહીન સામાજિક ને ધાર્મિક મૂલ્યો અને રિવાજો પર ભૂપેનભાઈએ હસતાં હસતાં વ્યંગ કર્યો છે. આજ દિન સુધીની પેઢીનાં નાટકોમાં મૌલિકતાની ખરી પરિભાષા, ખરો અર્થ મને આ નાટકથી પ્રાપ્ત થયો છે."[૨૦]

પોતે આપેલી મુલાકાતમાં દિગ્દર્શકે નાટકના કેન્દ્રવર્તી વિચાર તેમજ તેના વિવિધ પાત્રોનું વિશ્લેષણ પણ કર્યું છે જે તેમણે પ્રયોજેલી 'નાટકની ભાષા'નો મૂળ પાયો છે. તેમના મતે[૨૧] આ હળહળતા કળિયુગમાં શુદ્ધ, નિષ્પાપ, નિષ્કલંક ચારિત્ર્ય પ્રભુમય જીવન જીવવાની ચાવી કેવી રીતે બની શકે? પ્રેમનો અર્થ શો? શું અતૃપ્ત વાસનાની પૂર્તિ થઈ શકે ખરી? પાંચ પાંડવોની પત્ની હોવાં છતાં શું દ્રૌપદી સતી તરીકે ઊંચું સ્થાન ન પામી? સોળ હજાર ગોપી જોડે પ્રેમ સંબંધ બાંધનાર ભગવાન કૃષ્ણ શું બાળ બ્રહ્મચારી નહોતા કહેવાયા? આ બધા પ્રશ્નો, સવિતા અને રણછોડ તેમજ શર્મિષ્ઠા અને નવનીતના ભૂલેશ્વરની એક ચાલીમાં વ્યતીત મધ્યમવર્ગીય દાંપત્યજીવનમાં 'મોજીલા મણિલાલ'ના પ્રવેશ સાથે ઝંઝાવાત સર્જે છે. મણિલાલના આવવાથી પોતાના એક વખતના પ્રેમી જગદીપની પોતાના જીવનમાંથી 'બાદબાકી' કરનાર સવિતા પ્રગલ્ભ અને ઉદ્દણ્ડ છે,

આર્ય નારીનો આદર્શ જેવા મામૂલી પ્રશ્નો તેને નડતા નથી. જ્યારે શર્મિષ્ઠા પતિવ્રતાનું મહોરું પહેરી રાખે છે પણ મન લગ્નેતર સંબંધ માણવા થનગની ઊઠે છે. મણિલાલ પ્રત્યે તે આકર્ષાય છે એ સાથે અત્યાર સુધી ચહેરા પર લાદી રાખેલું પતિવ્રતાનું મહોરું તે ફગાવી દે છે.

સવિતાનો પતિ રણછોડ ભગવાનનું માણસ છે. એને 'ચામડાં ચૂંથવામાં' રસ નથી. પોતાનું પ્રિય પાત્ર કોઈ બીજાને ચાહે તો એનો ઉત્સવ ઉજવવો જોઈએ એવું એ માને છે. સ્થૂળ ઘટનાઓને પણ તત્ત્વચિંતન-નો ઓપ આપવાની તેની આદત છે તેમ છતાં મધ્યમવર્ગીય મૂલ્યોને તે તરછોડી શક્તો નથી એ નાટ્યકારે છેલ્લા દૃશ્યમાં ખૂબીપૂર્વક બતાવ્યું છે. રણછોડ સીધોસાદો ભલોભોળો જીવ છે તેનાથી વિપરીત નવનીત એક typical ગુજ્જુ ધણી છે જે પોતાની વહુને એક 'જણસ' સમજે છે, ફર્નીચરનો એક ટુકડો ગણે છે અને પોતાની પત્નીને seduce કરનાર મણિલાલને ભારોભાર ધિક્કારે છે. જ્યારે શર્મિષ્ઠા માથામાં ગજરો નાંખે છે, નવી સાડી પહેરે છે, અંગ્રેજી ગીતો ગાવા માંડે છે, કાશ્મીર જવાનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે એના પગ નીચેથી જમીન સરકવા લાગે છે.

મણિલાલ પોતે ભગવાન કૃષ્ણનું ઠઠ્ઠાચિત્ર caricature છે. સવિતા કહે છે ને ' મણિલાલ નથી મારા, નથી તમારા (ભગવાન કૃષ્ણની જેમ) આપણા સૌના છે." પણ નાટ્યકારે અહીં મણિલાલને મનોહર સ્વરૂપવાળો બતાવ્યો નથી. આધેડ વયના મણિલાલના ડાચામાં કશા ઠેકાણા નથી તેમ છતાં સવિતાની દૃષ્ટિમાં તો ઘૂઘવતા દરિયા જેવું એનું વ્યક્તિત્વ છે, વાંસળીના સૂર જેવો એનો કંઠ છે. એ માથામાં

ખુશબોદાર બ્રાહ્મી તેલ નાંખે છે. ને અંગ્રેજીમાં પ્રેમ કરે છે. રણછોડ કે નવનીત બેમાંથી એકેયને અંગ્રેજીમાં પ્રેમ કરતાં આવડતો નથી. મણિલાલ સ્ત્રીની સોબતમાં કંઈ ઔર ખિલે છે અને સ્ત્રીઓ પણ ગોપીની જેમ એની સંગતમાં કૃષ્ણ-મયી બની જાય છે. એવી જ રીતે જગદીપ ફિલ્મી સંસ્કૃતિનું ફરજંદ છે. યમ અને વિષ્ણુ 'પ્રભુ આસ્થા'ની ભારોભાર ઠેકડી ઉડાવે છે.

મહેન્દ્ર જોષીએ આ પ્રકારના અર્થઘટનને નાટકની ભાષા દ્વારા પ્રેક્ષકો સુધી પહોંચાડવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો. ભૂપેન ખખ્ખરે આપેલી સેટ-ડિઝાઇન મુજબ રંગમંચ ઉપર આબેહૂબ ચાલી ઊભી કરી હતી. એટલું જ નહીં પશ્ચાદ્-ભૂમાં ભૂપેન ખખ્ખર અને અતુલ ડોડિયાએ ચિતરેલો જૂની રંગભૂમિની શૈલીનો મોટો પડદો ટીંગાડેલો હતો જેમાં વચ્ચે રણછોડરાયની વિશાળ છબી હતી અને એક બાજુ નરકની યાતના દર્શાવતું તો બીજી બાજુ શર્મિષ્ઠા અને સવિતાનાં ઘર અંકિત કરેલું ચિત્ર હતું. પ્રીતિ શાહ તેની નોંધ લેતાં 'Independance'-માં લખે છે, "Khakhar's paintings provide unique backdrops for the production. The flaming screen in yellow, red and black depicting hell and the painted sets in blue and red enclosing the seedy chawl flat are extremely innovative." [૨૨]

પહેલા અંકની શરૂઆતમાં તેમ જ બીજા અંકના આરંભમાં 'જનકલ્યાણ'-માંથી પઠન કરતા રણછોડનો અવાજ સંભળાય છે તે વખતે નાટકમાં આપવામાં આવેલા રંગનિર્દેશ અનુસાર મંચ પર અંધારું છે ને અંધારામાં આ અવાજ સંભળાય છે પરંતુ નાટક 'દૃશ્યકલા' હોઈ

દિગ્દર્શકે રણછોડનો અવાજ નેપથ્યમાંથી સંભળાતો હોય ત્યારે લાઈટનો એક spot ધીરે ધીરે ચિતરેલા પડદા ઉપર ફરતો રહે એવું આયોજન કર્યું હતું.

દૃશ્ય સમજાવતાં પોસ્ટરો - શીર્ષકો આપવાં એ બ્રેખ્તના એપિક થિયેટરની લાક્ષણિકતા છે. દૃશ્યને સમજાવવા માટે તખ્તાની પાછળ સ્ક્રીન - પરદો - રાખવામાં આવે છે. પરદા ઉપર ટાઈટલ - મથાળાં - લખેલાં હોય છે દા.ત. Song concerning the Insufficiency of Human Endeavor.' દૃશ્ય સમજાવતું પોસ્ટર હોય, ફિલ્મ પ્રોજેક્શન હોય. બ્રેખ્તનાં નાટકોમાં આવતાં આવાં શીર્ષકોની જેમ દિગ્દર્શકે પણ આ નાટકના દરેક દૃશ્યના ચોક્કસ શીર્ષક તૈયાર કર્યાં હતાં જેમ કે 'નારી હૈયાનું રહસ્ય', 'પુરુષના હૃદયનું રહસ્ય', 'ગાંડો પ્રેમી', 'આંતરિક સૌંદર્યનો પ્રેમી' વગેરે અને આ શીર્ષકો દૃશ્યની શરૂઆત થાય તે પહેલાં સિનેમાના પડદા ઉપર project કર્યાં હતાં. પ્રીતિ શાહ નોંધે છે, " In Mojila Manilal, Joshi is in perfect tuning with the writer. The technique of flashing titles / captions like the 'secrets of women's heart', 'the secrets of men's heart', 'insane lover', 'lover of of inner beauty' etc. on the white screen before vital scenes is his way of providing crucial punches." [૨૩]

દિગ્દર્શકે વિવિધ levelsનો બનેલો સેટ ઊભો કરી, સંવાદોને rearrange કરી પ્રકાશ આયોજનની મદદથી સવિતા અને શર્મિષ્ઠાના ઘરમાં ચાલતો કાર્યવ્યાપાર વારાફરતી બતાવી નાટકની ભાષા દ્વારા આગવા વિરોધનું નિર્માણ કર્યું હતું. આ સંદર્ભમાં

પ્રીતિ શાહ નોંધે છે, "The alternate placing of dialogues between two groups facilitating contrast and comparision between characters and the division of stage into different levels reveal his virtuosity. He manages to hold the audience through the difficult play for three long hours, by avoiding irrelevancy and exercising economy."[૨૪]

નાટકમાં આવતા યમ-વિષ્ણુની fantacy નાં દૃશ્યો દિગ્દર્શકે *la Mahabharat* style માં ભજવ્યાં હતાં અને એ રીતે બીજાં દૃશ્યોથી તેને અલગ તારવ્યાં હતાં.[૨૫]

નાટ્યકારે નાટકના વસ્તુમાં, લોકપ્રિય ગુજરાતી કવિતાઓ - જે સામાન્ય રીતે પાઠ્યપુસ્તકમાં ભણાવવામાં આવે છે - હિન્દી ફિલ્મનાં ગીતો તથા અંગ્રેજી નર્સરી રાઈમ્સ ખૂબીપૂર્વક વણી લીધાં છે. "The script is cleverly crafted by the playwright with the use of popular Gujarati poems, Hindi film songs, English nursery rhymes and with the strength of his persuasive symbology he has created an oleograph of intricate complexity."[૨૬] દિગ્દર્શકે જૂની ગુજરાતી રંગભૂમિની જેમ 'મોજીલા મણિલાલ કે ગાનોં કી ચોપડી : કિંમત અઢી આના : મોજીલા પ્રકાશન : મુદ્રણદોષ અમારી ખાસિયત છે' એવા મુખપૃષ્ઠ વાળી ઓપેરા બહાર પાડી હતી, જેમાં વર્ષા હુસૈન (શર્મિષ્ઠા) કી આવાઝમેં "બે કરજોડી વિનવે સ્વામી, મૂકો અમારા કંઠને...", અશોક ઠક્કર (નવનીત) ઔર મનોજ શાહ (રણછોડ) ડ્યુએટ સોંગ

અનુરાગ પ્રપન્ના (જગદીપ) કી ફિલ્મી આવાઝમેં "અરર બાલુંદા બાપલા અક્ષો...", અવેદ ખાન (મણિલાલ) કી આવાઝમેં- સેડ સોંગ "ગુજરે જે શિરે તારે..", મહેશ્વરી (સવિતા) કી આવાઝમેં "ભોમિયા વિના મારે ભગવાંતા ડુંગરા..", અવેદખાન કી આવાઝમેં હેપ્પી સોંગ, "ગુજરે જે શિરે તારે...", મનોજ શાહકી બેઅેડ આવાઝમેં "સુખદુઃખ મનમાં ન આણિયે...", વર્ષા હુસૈનકી આવાઝમેં "હે ઈશ્વર ભજીયે તને", મહેશ્વરી ઔર અવેદખાનકી આવાઝમેં "આભમાં ઝબૂકે વીજળી.." એવાં ગીતો ઉપરાંત 'મોજીલા મણીલાલ કે યાદગાર ડાયલોગ' પ્રગટ કરવામાં આવ્યાં હતાં. વળી આ ગીતોની સ્વરબાંધણી જૂની ગુજરાતી રંગભૂમિ જેવી રાખી, મંચ પર નટો પાસે જ ગવડાવ્યા હતા અને સાજિંદાઓને મંચ ઉપર જ બેસાડયા હતા. Saturday Timesમાં આપેલી મુલાકાતના આધારે Tanya Trivedy નોંધે છે," For background music Joshi plans to record the songs in the play in such a way that they convey a 1950's flavour or revert to another theatrical tradition : live music." [૨૭]

નાટકમાં મધ્યમવર્ગીય વાતાવરણ ઉપસાવવા માટે દિગ્દર્શકે ઝીણામાં ઝીણી વિગતો પર ધ્યાન આપ્યું હતું. સ્વયં લેખક લખે છે," મહેન્દ્ર નાટકનું દિગ્દર્શન ખૂબ મહેનતથી કરતો. અભિનેતાઓનો પ્રવેશ-ક્યાં ઊભા રહેવું, કઈ રીતે બોલવું વિ. ખૂબ રસ લઈ એક એક વિગતોને ધ્યાનમાં રાખી કરતો.." [૨૮] રણછોડની ભૂમિકા ભજવતા મનોજ શાહને દિગ્દર્શક પગના તળિયા સાફ કરી પલંગ પર બેસવાની સૂચના આપે છે તે જોઈ પત્રકાર-વિવેચક Tanya Trivedy, Saturday Timesમાં નોંધે છે," All my observations about

middle-class behaviour are helping to shape the play" he says." Notice how, when a middle-class man comes home after work, he spreads himself on his bed as if he were a king." In one scene, Joshi instructs Manoj Shah (the actor playing Ranchhodbhai) to first rub the dust off his feet before drawing them up on a clean bedsheet. "You must be very conscious of the fact that you don't want to dirty the linen," he tells Shah.." [૨૯]

નાટક આમ તો વાસ્તવદર્શી છે તેમ છતાં તેમાં કપોલકલ્પિત-fantasy-નાં તત્વો હોઈ તથા તેના સંવાદોમાં જૂની રંગભૂમિની છટા હોઈ યોગ્ય પાત્રવરણી કરવી જરૂરી હતી. એટલે સવિતાની ભૂમિકા તેમણે જૂની રંગભૂમિનાં વિખ્યાત અભિનેત્રી મહેશ્વરીને સોંપી. Tanya Trivedy Saturday Timesમાં લખે છે," Since the play combines very realistic material with fantasy sequences, it was that much more difficult for Joshi to find his bearings. But there were some breaks, not least among them, a perfect casting for Savita. This central character is played by Maheshwari, an actress who has worked in old style theatre, appearing in mythologicals and social dramas on make-shift stages in the small towns of Gujarat." [30] પ્રીતિ શાહ 'Independence'માં નોંધે છે," There is perfect tuning between the actors and the director too. Maheshwari as Savita creates the right pitch of exagerration through her mannerisms, at times coy, at others blase

for the hilariously farcical/absurd character."[31]

મણિલાલની ભૂમિકા પહેલાં નસીરૂદ્દીન શાહ, કાન્તિ મડિયા, ઓમ પુરીને ઓફર થઈ હતી પણ અંતે ઈપ્ટાનાં હિન્દી નાટકો, સઈદ મિર્ઝાની ટી.વી. સિરિયલ 'નુક્કડ' અને 'મનોરંજન'માં ભૂમિકા ભજવનાર હિન્દી ભાષી અભિનેતા જવેદખાને આ નાટકમાં મોજીલા મણિલાલની ભૂમિકા ભજવી હતી.[32] જો કે ભાષાની મુશ્કેલી તેમને નડતી હોવાથી તેઓ પાત્રને યોગ્ય ન્યાય આપી શક્યા નહોતા. પ્રીતિ શાહ લખે છે," Javed Khan as Manilal seems too engrossed in getting his Gujarati pronounciations right."[33] મહેશ્વરી અને જવેદખાન વિષેના પોતાના અનુભવો લેખકે રસપ્રદ રીતે આલેખ્યા છે. તેઓ કહે છે, "હું નાટકની દુનિયાથી તદ્દન અપરિચિત એટલે મને ખાસ કહેવામાં આવેલું કે જ્યારે રિહર્સલ થાય એ વેળા મારે હાજર રહેવું. કામકાજ છોડી દરરોજ પાર્લાની રાષ્ટ્રિય શાળામાં અચૂક પહોંચી જતો.

મહેન્દ્ર: હવે તમે પણ રિહર્સલ ધ્યાનથી જોજો

ભૂપેન : કઇ રીતે?

નૌશિલ: ભાષા બોલાય છે એ બરોબર છે કે નહીં?

ભૂપેન: મને ખબર પડશે નહીં.

મહેન્દ્ર: સવિતાના રોલમાં મહેશ્વરી છે. એમણે જૂનાં નાટકોમાં કામ કર્યું છે.

નૌશિલ: જવેદ ખાન, પેલા ટીવી સ્ટારને મણિલાલનો રોલ આપ્યો છે. એને ગુજરાતી બોલવામાં તકલીફ છે, પણ એ તો એની સાથે બેસી હું એની ભાષા સુધારી લઈશ.

મહેન્દ્ર: શર્મિષ્ઠાના રોલમાં શચી જોષી છે.

નાટકનું રિહર્સલ શરૂ થયું. મારી દૃષ્ટિએ શર્મિષ્ઠાનો રોલ શચી સારો

ભજવતી હતી. એને મહેન્દ્રએ નાટકમાં લેવા નારાજગી દર્શાવી. મને ક્યાંય જવેદ મણિલાલ તરીકે બંધ બેસે જ નહીં. પણ નૌશિલ એને ગુજરાતીની ટ્રેનીંગ આપશે એ વિચારે શ્વાસ હેઠો રહે. મહેશ્વરી ભાષા સીધી સપાટ બોલવાને બદલે ઉચ્ચારો દેશી નાટક સમાજના નાટકોની લઢણમાં કરતાં. એવી લઢણ એમણે મણિલાલ જોડે પ્રેમપ્રસંગે જ વાપરવાની હતી. જ્યારે શર્મિષ્ઠા કે રણછોડભાઈ જોડેની લઢણ સાદી સીધી રહેવી જરૂરી હતી..."[૩૪] નાટકના બે પ્રયોગ મુંબઈ બહાર થયેલા એ વખતની વાત છે. જવેદ ગુજરાતી બોલતાં સાધારણ શીખી ગયો હતો. તેનાથી બહારગામ આવી શકાય એમ નહોતું... મણિલાલના પાત્ર માટે શોધાશોધ ચાલી. છેવટે રાજેશ મહેતા મળ્યો. મુંબઈમાં રાષ્ટ્રિય શાળામાં છેલ્લા દિવસોમાં એમણે રિહર્સલ કર્યાં. વડોદરા પહોંચ્યા પછી પણ પ્રયોગના દિવસે સવારથી સ્ક્રિપ્ટ લઈ સંવાદ ગોખતો હતો. લેખકને થયું કે ઓછી તૈયારી છે. રાતે જરૂર ધબડકા થવાના. છતાં લેખક કહે છે તેમ જવેદ કરતાં અનેક રીતે પાત્રને સારો ન્યાય આપ્યો. જવેદને મણિલાલનું પાત્ર આપવાની ભૂલના સૌ સરખા ભાગીદાર. વડોદરાનો શો રાજેશને લીધે રંગીલો બન્યો.[૩૫] નવનીતની ભૂમિકા અશોક ઠક્કરે ભજવી હતી. લેખક પોતે કહે છે," અશોક ઠક્કર એટલે નવનીત. જાણે ગુસ્સાબાજ નવનીત જ જોઈ લો. ખાસ તો શર્મિષ્ઠાએ ભીંત પરથી ફોટો કાઢી લીધેલો એ વખત તેનો ગુસ્સો, શરીરની ધ્રુજારી, ફાટી ગયેલો અવાજ - બધું સાહજિક હતું. લખતી વખતે નવનીતને આટલો જીવંત ક્યારેય કલ્પ્યો નહોતો. નાટક ઓપન થયા પછી અશોક ઠક્કર કહે કે જ્યારે છાપામાં જાહેરખબર આવે તો મારું નામ છેલ્લે લખવું આમ-' અને અશોક ઠક્કર.' મહેન્દ્રએ ઘસીને જાહેરખબરમાં આવો ફેરફાર કરવાની ના પાડી. નૌશિલે દિગ્દર્શક તરીકે મહેન્દ્રનો નિર્ણય સ્વીકારી લીધો. અશોક ઠક્કરે નાટક છોડી દીધું. પછી નવનીતના પાત્રને ક્યારેય સારો ઉઠાવ મળી

જ શક્યો નહીં." [૩૬] પ્રીતિ શાહ આ પાત્રોનાં અભિનય વિષે લખે છે," Ashok Thakker (Navnit) Varsha Hussain (Sarmishtha), Manoj Shah (Ranchhod) and Prapanna (Jagdeep) come out with flying colours" [૩૭]

દિગ્દર્શકે આ નાટકને ફાર્સીકલ નાટકની treatment આપી હતી પણ તેમ કરવા જતાં નાટકનો ગર્ભિત સૂર.. નાટ્યકારે મધ્યમવર્ગીય નકલાદી મૂલ્યો ઉપર કરેલા સૂક્ષ્મ પ્રહારો પ્રેક્ષક સુધી પહોંચી શક્યા નહીં. પ્રીતિ શાહ આ સંદર્ભમાં લખે છે," The entire drama has a peculiar flavour, at once innocent, mischievous and profound... But one fears that the subtlety with which the farcical hilarious surface is structured may cause the audience to miss the essence of his Introspective questions.." [૩૮]

નાટ્યકારે 'મોજીલા મણિલાલની સર્જનપ્રક્રિયા યાને આપવીતી' એ શીર્ષક હેઠળ નાટકના લેખનથી મંચન સુધીની રસપ્રદ ક્ષણો આલેખી છે.[૩૯] જેમાં લેખકના નિર્માતા અને દિગ્દર્શક સાથેના સંબંધ વિષે વિશદતાથી છણાવટ થઇ હોઇ તેનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. 'મોજીલા મણિલાલ' નાટક લખતી વખતે નાટ્યકારે પહેલાં તો નાટક ભજવવા અંગેની કેટલીક સૂચનાઓ પણ તેમાં આમેજ કરી હતી જેમકે- સવિતા ક્યાં ઊભી રહે, શર્મિષ્ઠા સવિતાને ભેટી હોય ત્યારે એના હાથમાં ભાખરી વણવા લાધેલું વેલણ હોય, એ વેળા તેમના પર પ્રેક્ષકોનું ધ્યાન કેન્દ્રિત થાય એ માટે સવિતા કે જેણે ભૂરી સાડી પહેરી છે તેના પર પીળો પ્રકાશ પડે ને શર્મિષ્ઠા જેણે લાલ સાડી પહેરી છે તેના પર લાલ રંગનો

kalpana's

પ્રકાશ પડે એથી લાલ સાડી ઘેરી બને અને એના મોં પરનો ગુસ્સો, લાલ રંગ સતેજ બનાવે- વગેરે. નાટકના નિર્માતા નૌશિલ મહેતા અને દિગ્દર્શક મહેન્દ્ર જોષીએ જ્યારે આ સૂચનાઓ વાંચી ત્યારે બંને જણાએ લેખકનો ઊધડો લઈ નાંખ્યો,[७०]

નૌશિલ : ભૂપેનભાઈ, હવે તમે સિરિયસલી લખવાનું શરૂ કરો.
ભૂપેન : નાટક તો લખી નાખ્યું છે. હવે શું બાકી રહ્યું ?
નૌશિલ : પહેલાં તો સમજી લો કે ડાયરેક્ટર કે પ્રોડ્યૂસર મૂરખ નથી હોતા.
ભૂપેન : કેમ?
નૌશિલ : આ લાંબી લાંબી સૂચનાઓ શેની લખી છે?
ભૂપેન : નાટક ભજવવાની સૂચનાઓ છે.
મહેન્દ્ર : એટલે અમારે શું કરવાનું ?
ભૂપેન : (છોભીલા પડી) તમને... થોડો ખ્યાલ
નૌશિલ : અમને નાટક વાંચતા નથી આવડતું એમ...
ભૂપેન : આ તો એની કોરિઓગ્રાફી...
મહેન્દ્ર : તો પછી તમે નાટકનું દિગ્દર્શન કરો ને...
ભૂપેન : આ સૂચના ઉપયોગી થાય
મહેન્દ્ર : ખબરદાર! લાલ પીળી લાઈટનું લખ્યું છે તો! અમે ઢપમ નથી.
ભૂપેન : નાટક તો લખી લાધું છે.
નૌશિલ : (હસીને) આને નાટક કહેવાય? આ તો હજી શરૂઆત પણ થઈ નથી.

ઉપર્યુક્ત સંવાદમાં નાટ્યકાર અને દિગ્દર્શકના કાર્યક્ષેત્રની ટક્કર છે. નાટ્ય- -કાર રંગનિર્દેશો ચોક્કસ લખી શકે. તખ્તાના તંત્રનો જાણકાર લેખક ક્યારેક સર્જનાત્મક રંગનિર્દેશો આપતો હોય છે. યુજિન ઓ'નિલના નાટકોમાં આવાં અનેક રંગનિર્દેશ stage directions મળી આવે છે.

પરંતુ 'રંગનિર્દેશ' અને 'નાટક ભજવવાની સૂચના' એમાં તફાવત રહેલો છે. નાટ્યકાર બહુ બહુ તો સ્થળ-કાળ નિર્દેશ અથવા તો પછી ભાવ-પ્રદર્શન અંગેના સૂચનો આપી શકે પણ કયા પ્રકારની વેષભૂષા રાખવી, કયા પ્રકારનું પ્રકાશ આયોજન કરવું કે કયા પ્રકારની movement આપવી એ તો દિગ્દર્શકનું કાર્યક્ષેત્ર છે. અને સ્વતંત્રતા ભોગવવાનો દિગ્દર્શકનો અબાધિત હક્ક છે. જે કે નાટ્યકારે 'સર્જનાત્મક પ્રક્રિયા યાને આપવીતી'ના અંતે આવો એકરાર પણ કર્યો છે.

લેખકે નાટક ફરી લખવું શરૂ કર્યું એટલે દિગ્દર્શકે ફરી પ્રશ્નોની ઝડી વરસાવી, "તમારી દષ્ટિએ મણિલાલ કેવો દેખાય? ઉંમર કેટલી? પહેરવેશ કેવો? સવિતા ને શર્મિષ્ઠા વચ્ચે શું ફેર?" વગેરે. પહેલાં તો લેખકે શાંત ચિત્તે જવાબ આપ્યા, "મણિલાલનો દેખાવ મધ્યમ વર્ગના વેપારી જેવો, ઉંમર લગભગ પચાસ વર્ષ, પહેરવેશમાં લાંફ કોટ, ધોતિયું ને કાળી ટોપી, શર્મિષ્ઠા સવિતા કરતાં ઉંમરમાં નાની, ઓછું ભણેલી" વગેરે. દિગ્દર્શકે નવનીત અને રણછોડ વિષે કહેવા જણાવ્યું એટલે લેખકે સ્પષ્ટપણે સુણાવી દીધું, "લખાણ પરથી તો તમને ખ્યાલ આવી જવો જેઈએ."[૭૧] વાત સાચી છે. લેખકે આપેલી text ના આધારે દિગ્દર્શકે પોતાની subtext ઊભી કરી વેષભૂષા, ચરિત્રચિત્રણ વગેરે નક્કી કરવાં જેઈએ. એમાં લેખકને પૂછવા ન જવાય. નાટ્યકારે રણછોડ ને નવનીત બાળપણના મિત્રો છે ઉપરાંત તેમની વચ્ચે સજાતીય સંબંધ હતો તેનો સૂક્ષ્મ અણસાર આપેલો છે. કુશળ દિગ્દર્શક આ 'between the lines' જરૂર વાંચી લે. પણ મહેન્દ્રે તો દલીલ કરવા માંડી-[૭૨]

મહેન્દ્ર: બાળપણના મિત્રો હોય એટલે આવું ફરજિયાત ન હોય

ભૂપેન: આ બંને વચ્ચે છે.

નૌશિલ: (માથે હાથ દઈ) તમે તો અમને ઉઠાડી મૂકશો.

લેખક અને દિગ્દર્શક વચ્ચે આવી રકઝક તો થતી જ રહે છે. એકદંડિયા મહેલમાં બેસી જે નાટક લખે તેને આવી પરિસ્થિતિનો સામનો કરવાનો ના આવે પણ જે લેખક, દિગ્દર્શક અને તખ્તા જોડે સતત નાતો રાખી નાટક લખતો હોય તેને તો આવી લમણાઝીંકમાં ઉતરવું પડે. આવી રકઝક અને માથાઝીંક અંતે તો ઉપકારક જ નિવડતી હોય છે.

પ્રથમ પ્રવેશના અંતે મણિલાલ, નવનીત અને રણછોડને ઉદ્દેશીને, " શું કર્યું તમે એના માટે? તમે શર્મિષ્ઠા માટે ગુલાબનો ગજરો ક્યારે લાવ્યા?" એવી લાંબી ઉક્તિ બોલે છે. બધા સ્તબ્ધ થઈ જાય છે. ને એ સાથે જ જગદીપને ગળે ફાંસો નાખી આપઘાતની તૈયારી કરે એ પ્રકારનું દૃશ્ય ભજવાય છે. આવો અંત દિગ્દર્શકને આભારી છે કારણકે દિગ્દર્શકની સૂચનાથી લેખકે પહેલા અંકનું આ દૃશ્ય જ્યારે ત્રીજીવાર લખ્યું ત્યારે તેમણે મણિલાલની લાંબી ઉક્તિ પછી સવિતાના ઘરમાં અને શર્મિષ્ઠાના ઘરમાં ચાલતો કાર્યવ્યાપાર વારાફરતી નિરૂપ્યો છે, જેમાં રણછોડ,"લગ્ન પછી ખંડાળા જઈ હનીમૂન નહોતું કર્યું?" એની યાદ અપાવે છે ત્યારે સવિતા છણકો કરતાં કહે છે," પણ હનીમુનમાં શાંતાભાભીનું શું કામ હતું?" નવનીત શર્મિષ્ઠાને કહે છે," તું માંદી હતી ત્યારે મેં રોટલી શાક નહોતાં બનાવ્યાં?" ત્યારે શર્મિષ્ઠા પણ છણકો કરતાં કહે છે," વીસ વર્ષમાં એકવાર - એ પણ એક ટંક. સાંજે તો મારા ખાટલા પર સાણસીનો છુટ્ટો ઘા કર્યો'તો.." આમ બંને પતિદેવો પોતાનો પાંગળો બચાવ કરે એવું દૃશ્ય, મણિલાલની લાંબી ઉક્તિ પછી નાટ્યકારે યોજ્યું હતું પણ દિગ્દર્શકે એ દૃશ્ય ભજવવાની ઘસીને ના પાડી દીધી. " મણિલાલની સ્પીચ પછી જગદીપનો આપઘાત ને ફર્સ્ટ એક્ટનો ડ્રોપ." ને એ દૃશ્ય પર કાતર ફરી ગઈ. દિગ્દર્શકના ૪૩ પંડના ચોકઠામાં એ દૃશ્ય બેસતું નહોતું. લેખકે એક હરફેય ઉચ્ચાર્યો નહીં.

નાટકના બીજા અંકમાં નાટ્યકારે રમા-સંવાદો પ્રયોજેલા જે લખવામાં તેમને સવિશેષ આનંદ થયેલો. રતુગછોડના આગ્રહને વશ થઈને મણિલાલ ભજવી બતાવે છે કે પોતે અંગ્રેજીમાં પ્રેમ ક્યાં અને કેવી રીતે શીખ્યો હતો. દૃશ્યમાં સવિતા, રમા બને છે. મણિલાલ યુવાન વયનો છે. રમા એને પ્રેમના પાઠ ભણાવતી પ્રેમિકા છે. પહેલી મુલાકાતમાં પ્રગલ્ભ રમા, ચાર મહિનાથી એનો પીછો કરી રહેલા મણિલાલને કહે છે, " નિરાંતે લાઈને મારજે, લૉબીમાં તમારી રાહ જોઈશ". બીજી મુલાકાતમાં 'તમારે મારો હાથ તમારા હાથમાં લેવો જોઈએ.. તમને વીજળીનો કરંટ લાગશે.. આપણું પરસ્પર આકર્ષણ વધશે ' એમ કહી સ્પર્શનો પાઠ ભણાવે છે તો ત્રીજી મુલાકાતમાં 'ચુંબન'ની ટ્રેનીંગ આપે છે. ચોથી મુલાકાતમાં સ્ત્રી-પુરુષના નગ્ન ફોટા બતાવી, " ઈંગ્લેન્ડ અમેરિકામાં કે.જી.થી સ્ત્રી-પુરુષોના આસનોના મોટા ફોટા લગાડવામાં આવે છે. જાતીય જ્ઞાન બાળપણથી આપવામાં આવે છે " એમ કહી " હું પહેલેથી ચાલુ હતી.. જેને અંગ્રેજીમાં પ્રેમ કરતાં આવડતો હોય એને ચાલુ કહેવાય" એવું પ્રગલ્ભપણે વદી રમા જાતીય જ્ઞાન આપવાનો પ્રારંભ કરે છે. આ ચાર મુલાકાત જેવી લગભગ દસ-બાર લખેલી જે વાંચી લેખક કહે છે તેમ પશુમાં (મહેન્દ્ર અને નૌશિલમાં) તકરાર પડી. નૌશિલને આ દૃશ્ય સારું લાગ્યું એટલે એ ભજવાતું હોય ત્યારે સ્લાઈડ પ્રોજેક્ટ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. મહેન્દ્રને આ દૃશ્ય બિનજરૂરી લાગ્યું. દૃશ્યને નાટક જોડે કોઈ સંબંધ નથી, નાટક ગ્રો થતું નથી 'એમ કહી એ દૃશ્ય રદ કરવાની તરફેણ કરી. નૌશિલે 'લખાણ બીભત્સ છે (પણ) મને તો આવું જોવું ગમે ' એમ જણાવી દૃશ્ય ભજવવાનો આગ્રહ રાખ્યો. લેખકે પણ " આવાં દૃશ્ય જોવાની પ્રેક્ષકે ટેવ પાડવી જોઈએ " એમ કહી સૂર પૂરાવ્યો. જયહિંદ નાટ્યગૃહમાં ભજવાયેલા પ્રયોગમાં આ દૃશ્ય

રજૂ કરવામાં આવેલું. એ વખતે સભાગૃહમાં માત્ર અઢીસોની હાજરી હતી. એમાંથી દસ માણસ નેપથ્યમાં આવી બોલ્યા," આવું ગંદુ નાટક ભજવવાની છૂટ કોણે આપી?..અમે ફેમીલી ભેંડે નાટક જોવા આવ્યા... એમાંય તો આ રમાનો સીન તદ્દન વાહિયાત છે..." એ સાંભળતાની સાથે જ દિગ્દર્શકે ટાપશી પૂરાવી," હું નહોતો કહેતો?" અને ભવિષ્યના પ્રયોગોમાંથી રમા-દૃશ્ય અદૃશ્ય થયાં.[૪૪]

પછી તો એક બાજુ રિહર્સલ ચાલે. ભૂપેનભાઈ સંવાદ બરાબર બોલાય છે કે નહીં તેનું ધ્યાન રાખે ને બીજી બાજુ નાટકની સેટ-ડિઝાઈન કરવાની/સમજાવવાની/સમજવાની મથામણો ચાલે અને રોજ રાતે રિહર્સલ પછી સ્ક્રિપ્ટમાં નવા ફેરફારો ચર્ચાય. અંક બીજો બહુ સારો નથી લખાતો/લખાયો એવી દિગ્દર્શક ફરિયાદ કરે, લેખકને એમાં તથ્ય જણાય.[૪૫]

નાટકનો અંત પહેલાં કંઈક આ પ્રમાણે હતો. નવનીતને સ્વપ્ન આવે છે. તેમાં મણિલાલ કૃષ્ણ તરીકે દેખાય છે. નવનીતને કૃષ્ણ સ્વરૂપનો પરચો આપે છે. મણિલાલે સમસ્ત પૃથ્વીને સંદેશ આપવા જન્મ લીધો છે. એ સવિતા અને શર્મિષ્ઠાની સાથે જ્ઞાતિજનોની હાજરીમાં દેહસંબંધ બાંધે. તેમની હાજરીમાં જ સંભોગ થાય. આવા અંત પરત્વે દિગ્દર્શકે નારાજગી દર્શાવી.

મહેન્દ્ર: ગુજરાતી સ્ટેજ પર આવું બતાવવું શક્ય નથી.
ભૂપેન: એને જુદી રીતે રજૂ કરીએ તો કેવું?
મહેન્દ્ર: કઇ રીતે?
ભૂપેન: છેલ્લા અંકમાં સવિતા, શર્મિષ્ઠા, મણિલાલ સર્કસનો ડ્રેસ

પહેરે. ઉપર ટ્રેપીઝ પર સવિતા અંડે મણિલાલ સંભોગ કરે.
નૌશિલ: તમે લખી લાવોને..

અને લેખક લખી લાવ્યા: સવિતા, મણિલાલ, શર્મિષ્ઠા ઝગઝગતાં ચમકદાર ટાઈટ કપડાં પહેરી સ્ટેજ પર આવે. પ્રેક્ષકોને સલામ કરે. સડસડાટ દોરીની સીડી પર ચઢવાનો પ્રયત્ન કરે, એકાદ જણ નીચે બાંધેલી જાળીમાં પડે, ને જ્યારે ઉપર પહોંચે ત્યારે બ્યુગલ વાગે. પછી આવે નાટકનો ક્લાઈમેક્સ. સવિતા ને મણિલાલ ઉપર બાંધેલા હીંચકા પર હીંચી રહ્યાં છે. થિયેટરમાં સ્ટેજ ઉપરનો અવકાશ જીવંત બને- પ્રેક્ષકોના જીવ ઊંચા છે. એકીટશે, ઉપર હીંચકા પર બેઠેલાં સવિતા- મણિલાલને જોયા કરે છે. હવે સવિતા-મણિલાલ નજીક આવે છે, હીંચકા પર હીંચતાં કલાત્મક રીતે સંભોગ કરી પ્રેક્ષકગણને સલામ મારે છે. નીચે એ જ રીતના ઝગઝગતા ફીટોફીટ કપડાં પહેરી શર્મિષ્ઠા ઉપર જવા ઉત્સુક છે.

ત્રણે જણાએ ભેગા મળી આ અંત વાંચ્યો. મઝા પડી. અંતે ત્રણેએ નિર્ણય કર્યો, આપણા કોઈ પણ અભિનેતા કે અભિનેત્રી સર્કસનાં કપડાં પહેરે તો હાસ્યાસ્પદ લાગે. લાકડીના હીંચકા પર ચઢવા ત્રણેક જણની મદદની જરૂર પડે. હીંચકા પરથી ધુબાકો ખાય તો સર્વત્ર હાહાકર મચી જાય. ઉપર ફંગોળાતા હીંચકા પર સંભોગ કરવો એ તો સર્કસ ખેલાડીઓ માટે પણ અશક્ય છે. અને અંત બદલાયો. લેખક પોતાની આપવીતીમાં લખે છે," લેખકની અવનવું કરવાની મહત્વાકાંક્ષા એને કેવી ગર્તામાં ખેંચી જાય છે એનો આ ઉત્તમ નમૂનો છે. મહત્ત્વકાંક્ષી લેખક માને છે કે સિનેમામાં જે થઈ શકે તે નાટકમાં પણ કરી શકાય.. ઘરના ખૂણામાં ટેબલ પર બેસી લખતાં લખતાં દિવાસ્વપ્ન જોવાનું કેવું ગમે છે!

બસ, આ જાતનો લેખકનો રોફ હોય છે. કલમ સડસડાટ ચાલે - કલ્પનાનો ઘેઘુર કેફ વ્યક્તિત્વને ઘેરી વળે ત્યારે જ આવું લખાય.મારા જેવા બિનજવાબદાર લેખકની મતિ ઠેકાણે લાવવા મહેન્દ્ર અને નૌશિલનો ફાળો છે." [૪૬]

વડોદરા પછી અમદાવાદ ખાતે આ નાટક રજૂ થયું. ઘણા મિત્રોએ જોયું. એમનાં મા-બાપ, દીકરા-દીકરીઓ જોડે નાટક જોવા આવ્યાં. લેખક કહે છે તેમ નવાઈની વાત એ બની કે એમને નાટક ગમ્યું જ્યારે સુભાષ શાહ, નિરંજન ભગત વગેરે સાહિત્યકારોને અશ્લીલ લાગ્યું. પારસી હાસ્ય-નાટકની ભાષા જેવી દ્વિઅર્થી લાગે એવું જ ગલીચ અને ગંદુ લખાણ એમને લાગ્યું. સાહિત્યકારોએ આ નાટક નપાસ જાહેર કર્યું પણ 'પ્રેક્ષકોને તો નાટ્યની અને ચિત્રકલાના બે પ્રતિભાસંપન્ન મહારથીઓની જુગલબંધી જોવાની મજા પડી!' [૪૭]

સંદર્ભ:

૧ પ્રતિમુખ : પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૪-૮૫

૨ એજન પૃ. ૮૬

૩ એજન પૃ. ૮૬

૪ એજન પૃ. ૮૭

૫ એજન પૃ. ૮૮

૬ એજન પૃ. ૮૯

૭ એજન પૃ. ૮૮

૮ એજન પૃ. ૮૯

૯ એજન પૃ. ૮૪

૧૦ એજન પૃ. ૮૪

૧૧ અભિયાન : ઓક્ટો : ૮૯

૧૨ Saturday Times : The Times of India (Bombay) 21 October 1989

૧૩ અભિયાન : ઓક્ટો : ૮૯

૧૪ મોજીલા મણિલાલ : પ્રથમ આવૃત્તિ : મે ૧૯૯૨ : સર્જકની આપવીતી : પૃ. ૬૩

૧૫ અભિયાન : ઓક્ટો : ૮૯

૧૬ એજન

૧૭ Saturday Times : 21/10/89

૧૮ એજન

૧૯ એજન

૨૦ અભિયાન : ઓક્ટો : ૮૯

૨૧ 'Independance' માં પ્રીતિ શાહના અવલોકનના આધારે

kalpana's

૨૨ એજન
૨૩ એજન
૨૪ એજન
૨૫ Saturday Times ૨૧/૧૦/૮૧
૨૬ પ્રીતિ શાહ Independance
૨૭ Saturday Times ૨૧/૧૦/૮૧
૨૮ સર્જકની આપવીતી : મોજીલા મણિલાલ : પ્રથમ આવૃત્તિ : પૃ.૭૦
૨૯ Saturday Times ૨૧/૧૦/૮૧
૩૦ એજન
૩૧ Independance
૩૨ અભિયાન : ઓક્ટો, ૮૯
૩૩ Independance
૩૪ સર્જકની આપવીતી : મોજીલા મણિલાલ : પ્રથમ આવૃત્તિ : પૃ.૬૯/૭૦
૩૫ એજન
૩૬ એજન
૩૭ Independance
૩૮ એજન
૩૯ સર્જકની આપવીતી : મોજીલા મણિલાલ : પ્રથમ આવૃત્તિ : પૃ.૬૩થી૭૧
૪૦ એજન પૃ.૬૩
૪૧ એજન પૃ.૬૪
૪૨ એજન પૃ.૬૪
૪૩ એજન પૃ.૬૪થી પૃ.૬૬
૪૪ એજન પૃ.૬૬થી પૃ.૬૯
૪૫ એજન પૃ.૭૦
૪૬ એજન પૃ.૭૦/૭૧
૪૭ અભિયાન : ઓક્ટો : ૮૯